*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૧૭

## શ્રોતાને આત્માનો ઉલ્લાસ

આત્મામાં સિદ્ધપણું સ્થાપીને આચાર્યદેવ શુદ્ધાત્માનું સ્વરૂપ સંભળાવે છે. સાંભળતાવેંત પહેલે ધડાકે વિકલ્પથી પાર થઈને શુદ્ધાત્મા તરફના ઉત્સાહથી હા પાડે એટલી તાકાત તો શ્રોતામાં છે જ; ને એવો શ્રોતા આત્માના ઉલ્લાસથી તરત જ આત્માનો અનુભવ પ્રગટ કરે. એવા શ્રોતાને અમે આ સમયસાર સંભળાવીએ છીએ. જેમ રણે ચડેલા રજપૂતનું શૂરાતન છૂપું ન રહે તેમ ચૈતન્યને સાધવા માટે જે મુમુક્ષુ જાગ્યો તેના આત્માનો ઉત્સાહ છાનો ન રહે...આત્માના ઉલ્લાસથી તે આનંદને સાધે જ.

( વિશેષ માટે અંદરના પહેલા પાનાં પર 'આત્માના આનંદની ભેટ' વાંચો. )

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર    સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૬, ફાગણ ( લવાજમઃ ચાર રૂપિયા ) વર્ષ ૨૭ : અંક ૫

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# * જિનમંદિર અને જૈન-પાઠશાળા *

આપણા સમાજમાં ધાર્મિક સંસ્કારો માટે જેટલી જરૂર જિનમંદિરની છે,- પાઠશાળાઓની પણ એટલી જ જરૂર છે, અને ધીમે ધીમે સમાજમાં તે માટે જાગૃતિ આવતી જાય છે; તે સંબંધી મલાડ ( મુંબઈ ) ની પાઠશાળાના સમાચાર ધન્યવાદ માટે અહીં રજુ કરીએ છીએ–

મંત્રીશ્રી લખે છે–'અતિ હર્ષપૂર્વક જણાવવાનું કે પૂ. ગુરુદેવશ્રીના મહાન પ્રભાવના ઉદયે ઉપનગરના મુમુક્ષુઓને શિખરબંધ જિનમંદિરનો યોગ સાંપડયો તેવો જ યોગ ઉપનગરના બાળકોને આજે (તા. ૧૫-૨-૭૦) પાઠશાળાનો સાંપડી રહ્યો છે. પાઠશાળાની આવશ્યકતા ઘણી જ હતી; ઉગતી ઉંમરના બાળકોના જીવનમાં ધાર્મિક સંસ્કાર મૂળથી દૃઢ થાય તે અતિ જરૂરનું છે. આથી ઉપનગરમાં જૈન પાઠશાળા શરૂ થાય છે, આ પ્રસંગે સંસ્થા ગુરુદેવના આશીર્વાદ માંગે છે. આ પ્રસંગે પાઠશાળાના નીભાવ માટે બે હજારનું ફંડ થયું. તેમાં ધીરજલાલ ભાઈલાલ ડેલીવાલા તરફથી રૂા. ૧૦૦૧ ) તથા કાંતિલાલ વનેચંદ ( રાજકોટવાળા ) તરફથી રૂા. ૫૦૧ ) મુખ્ય હતા.'


[ પાઠશાળાના બાળકો ખૂબ ઉન્નતિ સાધે, અને તેનું અનુકરણ કરીને ભારતના ( અને તેમાંય ખાસ કરીને સૌરાષ્ટ્રના ) પ્રત્યેક ગામમાં પાઠશાળા ચાલુ થાય તે જરૂરી છે. –સં. ]

---

મંગલ પ્રવાસ કરતા કરતા પૂ. ગુરુદેવ તા. ૧૦ મીએ જલગાંવ પહોંચ્યા છે. ત્યાં તા. ૧૫ સુધીનો કાર્યક્રમ છે. ત્યારપછીનો કાર્યક્રમ ગતાંકમાં જણાવ્યા મુજબ નીચે પ્રમાણે છે–

| | |
|---|---|
| મલકાપુર તા. ૧૬ થી ૧૯ માર્ચ | મોરબી તા. ૧૬–૧૭ |
| ( ફા. સુદ ૯ થી ૧૨ ) | વાંકાનેર તા. ૧૮–૧૯ |
| ખંડવા તા. ૨૦ થી ૨૩ | લાઠી તા. ૨૦–૨૧ |
| રતલામ તા. ૨૪–૨૫ | સાવરકુંડલા તા. ૨૨ થી ૨૫ |
| દાહોદ તા. ૨૬–૨૭ | કાનાતળાવ તા. ૨૬ થી ૨૯ |
| અમદાવાદ તા. ૨૮–૨૯ | લાઠી તા. ૩૦ |
| વઢવાણ તા. ૩૦–૩૧ | ભાવનગર તા. ૧ થી ૮ મે |
| રાજકોટ તા. ૧ થી ૧૫ એપ્રિલ | સોનગઢ પ્રવેશ તા. ૯–૫–૭૦ |

# શિરપુરમાં બિરાજમાન પાર્શ્વનાથપ્રભુની વીતરાગીપ્રતિમા



અંતરીક્ષ પ્રભુ આપ જ સાચા દેખી રહ્યા નિજ આતમરામ;
રાગતણું પણ નહીં આલંબન, સ્વયંજ્યોતિ છો આનંધામ.
રત્નત્રય આભૂષણ સાચું જડ-આભૂષણનું નહીં કામ,
ત્રણલોકના મુગટ સ્વયં છો...શું છે સ્વર્ણ-મુગટનું કામ ?
વસ્ત્રાભરણ વિન શાંતમુદ્રા દૃષ્ટિ નાશાપૈ ધરેં.

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૬ ફાગણ 1970 March

* વર્ષ ૨૭: અંક ૫ *

## અંતરીક્ષ પાર્શ્વનાથ ( શિરપુર ) ક્ષેત્રમાં પંચકલ્યાણક પ્રસંગે

# નિરાલંબી આત્મભગવાનનું વર્ણન

શિરપુર–મહારાષ્ટ્ર ( અંતરીક્ષ–પાર્શ્વનાથ ) પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે પૂ. શ્રી કાનજી સ્વામીના પ્રવચનોમાંથી. ( સમયસાર ગા. ૭૨–૭૪ તથા સંવર–અધિકારના પ્રારંભની ગાથાઓ ઉપર પ્રવચનો થયા તેનો સાર. )

( મહા વદ ૯ થી ફાગણ સુદ બીજ. )

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે; દેહથી કર્મથી ને રાગથી ભિન્ન એવો જે શુદ્ધઆત્મા તે સમયસાર છે. દરેક આત્માનો આવો સ્વભાવ છે. પોતાના તે સ્વભાવને ભૂલીને જીવ અજ્ઞાનભાવથી સંસારમાં રખડે છે ને દુઃખી થાય છે.

જીવને તે દુઃખ અને સંસાર કેમ મટે? એમ પૂછનાર જિજ્ઞાસુ જીવને આચાર્યદેવ સમજાવે છે કે જ્ઞાનમાત્રથી જ બંધન અટકે છે. આત્માનો જ્ઞાનસ્વભાવ, અને રાગાદિ પરભાવો–એ બંનેના અત્યંત ભેદજ્ઞાનરૂપ જે જ્ઞાન છે તે જ્ઞાન રાગાદિ વગરનું છે. એટલે તે જ્ઞાનવડે જ સંસારનો નિરોધ થાય છે. એ વાત સમયસારની ૭૨ મી ગાથામાં સમજાવે છે–

અશુચીપણું વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,
વળી જાણીને દુઃખકારણો એથી નિવર્તન જીવ કરે. ( ૭૨ )

જેમ મલિન એવી સેવાળથી સ્વચ્છ પાણી જુદું છે, તેમ મલિન એવા આસ્રવો તે તો દુઃખરૂપ છે અને ચૈતન્યસ્વભાવથી વિપરીત છે; તેનાથી જુદું ચૈતન્યસ્વરૂપ

સ્વયં આનંદરૂપ છે–એમ જાણનાર જીવ જ્ઞાનમાં તન્મય થાય છે ને અજ્ઞાનરૂપ સંસારથી છૂટો પડે છે.

જીવે અનંતકાળમાં બહારનું બીજું ઘણું જાણપણું કર્યું પણ પોતે પોતાના આત્માને ન જાણ્યો; જ્ઞાનસ્વરૂપી પોતાને જ પોતે ન જાણ્યો. શુદ્ધ આત્માની વાત જ્યારે સાંભળવા મળી ત્યારે અંતરના પ્રેમથી તેનું શ્રવણ પણ ન કર્યું; આત્માના જ્ઞાનવગરનું બધું જાણપણું કે શાસ્ત્ર ભણતર તે પણ થોથાં છે, અજ્ઞાન છે. તે અજ્ઞાન ટાળવાની રીત શું? કે ચૈતન્યભાવને સમસ્ત પરભાવોથી જુદો જાણવો તે જ અજ્ઞાન ટાળવાનો ઉપાય છે. બાકી બીજા કોઈ ઉપાયથી કે રાગથી અજ્ઞાન મટે નહીં.

ઉમરાળાનો એક ભાવસાર, નામ જેનું સુંદરજી, પિતા રૂપચંદ, અને કામ જુઓ તો નાકનો ગુંગો કાઢીને મોઢામાં ચાવ્યા કરે! તેમ આ આત્મા સારભૂત ભાવોથી ભરેલો, સુંદર ચૈતન્યસ્વરૂપ વસ્તુ છે, પણ પોતે પોતાને ભૂલીને એને એવી કુટેવ પડી છે કે રાગ–દ્વેષ મલિનભાવોને જ નિજરૂપ માનીને અનુભવે છે ને તેમાં સુખ માને છે. ભાઈ તું તો ઉત્તમ ચૈતન્યભાવવાળો, આનંદથી ભરેલું સુંદર રૂપ, તેનું વેદન કર; આ પરભાવરૂપ મલિનતાનું વેદન તને શોભતું નથી. તારું વેદન તો આનંદરૂપ હોય.

ભગવાન! એકવાર પ્રેમથી સાંભળ તો ખરો! આ તને તારા આનંદની પ્રાપ્તિ કેમ થાય તેની વાત સંતો તને સંભળાવે છે. તારી ચીજ તારામાં છે, તારા ચૈતન્યભાવમાં તારો આત્મા છે, તેને બહારમાં કે પુણ્યપાપમાં શોધ્યે તે નહીં મળે. જ્ઞાન અને રાગ બંનેનું ભિન્નભિન્ન સ્વરૂપ છે, તેને ઓળખતાં આત્મા રાગથી પાછો વળી જાય છે એટલે કે જ્ઞાનમાં એકતારૂપ ને રાગથી ભિન્નતારૂપ પરિણમન થાય છે. આ રીતે ભેદજ્ઞાન વડે જ આત્મા આસ્રવોથી છૂટીને મુક્તિને પામે છે.

આત્માના જ્ઞાન વગર ચારે ગતિના અનંત અવતાર જીવે કર્યા છે. સ્વર્ગનાય અનંત અવતાર કરી ચુકયો. શુભભાવ કરીને અનંતવાર સ્વર્ગમાં જવા છતાં લેશમાત્ર સુખ જીવ ન પામ્યો, એટલે કે દુઃખ જ પામ્યો. શુભરાગ તે પણ દુઃખ છે, આસ્રવ છે, અપવિત્ર છે, તેનાથી ભિન્ન આત્માનો સહજ ચૈતન્યસ્વભાવ જ સુખરૂપ છે, અનાકુળ છે, પવિત્ર છે. આવા આત્માને ઓળખે તો જ સંસારદુઃખથી છૂટીને મોક્ષસુખનો માર્ગ હાથ આવે.

( વિશેષ માટે જુઓ પાનું: ૪૦ )

## આચાર્યભગવાન અનુગ્રહપૂર્વક આપે છે-

# આત્માના આનંદની ભેટ

**અહો, આનંદમય નિજપદને સાધવાની રીત આચાર્યદેવે આ સમયસારમાં બતાવીને જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેઓ કહે છે કે-અમારા ગુરુઓએ પ્રસન્ન થઈને અમને શુદ્ધઆત્મા દેખાડયો, તે અમે અનુભવમાં લઈને શુદ્ધાત્મા પ્રગટ કર્યો; તે જ શુદ્ધઆત્મા હવે હું તમને દેખાડું છું. ને તમે પણ તમારા સ્વાનુભવથી તે પ્રગટ કરજો.**

*****

આત્માનું પરથી વિભક્ત, અને સ્વભાવથી એકત્વ એવું શુદ્ધ સ્વરૂપ બતાવતાં આચાર્ય કુંદકુંદસ્વામી કહે છે કે મારા આત્માના સ્વાનુભવપૂર્વક અત્યંત આનંદરૂપ જે નિજવૈભવ મને પ્રગટયો છે તે નિજવૈભવથી હું શુદ્ધઆત્મા દેખાડું છું.

તે આત્મવૈભવ પ્રગટવામાં નિમિત્ત કોણ? કે જેઓ રાગદ્વેષનો નાશ કરી, સર્વજ્ઞ થયા છે એવા અરિહંતદેવની વાણી નિજવૈભવને દેખાડનારી છે, તેની ઉપાસનાથી નિજવૈભવ પ્રગટે છે. ઉપાસના એટલે કે તેમાં જેવો સ્વભાવ કહ્યો તેવો સ્વભાવ પોતે લક્ષમાં લઈને પ્રગટ કર્યો,–તેનું નામ જિનવાણીની ઉપાસના છે.

પૂર્ણ આત્મવૈભવને પામેલા એવા સર્વજ્ઞ પરમાત્મા, અને તેમના પ્રતિનિધિ એવા અનુભવી જ્ઞાની સંતો, તેમની જ વાણી આત્માના અનુભવમાં નિમિત્તરૂપ હોય. અજ્ઞાનીઓનાં કહેલાં કુશાસ્ત્રો તે આત્માના અનુભવમાં નિમિત્ત ન થાય. એટલે સત્ય વાણી કઈ? ને વિપરીત વાણી કઇ? તેનો નિર્ણય કરવો જોઈએ. વીતરાગની વાણી રાગથી લાભ થવાનું કહે નહીં. રાગ ટાળીને જેઓ વીતરાગ થયા, તેઓ રાગ કરવાનો ઉપદેશ કેમ આપે? રાગના પોષણનો ઉપદેશ આપે તે વાણી વીતરાગની નહીં.

સર્વજ્ઞ સ્વભાવના વૈભવથી પરિપૂર્ણ આત્મા છે; તે સ્વભાવને સિદ્ધ કરનારી યુક્તિ તે જ સાચી યુક્તિ છે. રાગથી ધર્મ મનાવે, જડ–ચેતનને એક મનાવે તે તો ફોતરા જેવી કુયુક્તિ છે; તેવી મિથ્યા કુયુક્તિઓનું ખંડન કરવામાં જે સમર્થ છે એવી નિસ્તુષ નિર્દોષ નિર્બાધ યુક્તિ વડે આત્માનો વૈભવ પ્રગટયો છે.

સર્વજ્ઞની પરંપરાથી અમારા ગુરુ સુધીના સમસ્ત ગુરુઓએ પ્રસાદરૂપે અમને શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો; અમારા ઉપર અનુગ્રહ કરીને, કૃપા કરીને, પ્રસન્નતા કરીને અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો; એટલે પાત્ર તરીકે અમને શુદ્ધાત્માની પ્રીતિ હતી ને અમારા ગુરુઓએ અમને તે જ સમજાવ્યું, આ રીતે ઉપાદાન–નિમિત્તની અપૂર્વ સંધિ છે.

ધર્મનો ઉપદેશ દેનારા આચાર્યો કેવા હોય? કે જેઓ પોતે શુદ્ધાત્માને અનુભવનારા હોય અને તે શુદ્ધાત્માનો જ ઉપદેશ આપે. શુભરાગ કરતાં કરતાં મોક્ષ થઈ જશે–એવું મનાવે તે સાચા ઉપદેશક નથી, વીતરાગી પવિત્રતા અને આનંદ કેમ પ્રગટે? કે શુદ્ધાત્માની સન્મુખ થવાથી જ પ્રગટે.–આમ શુદ્ધાત્માનો ઉપદેશ આપે તે જ સાચો ઉપદેશ છે.

અમારા ગુરુ કેવા હતા? ભલે છદ્મસ્થ હતા, સર્વજ્ઞ ન હતા, પરંતુ તેઓ વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હતા. અમારા કોઈ મહાભાગ્યે અમને આવા ગુરુ મળ્યા, અમે તેમને ઓળખ્યા, અને અમારા ઉપર અનુગ્રહ કરીને શુદ્ધાત્માનો ઉપદેશ તેમણે અમને આપ્યો; તે ઝીલીને અમારા આત્માના સ્વસંવેદનરૂપ મહાન આનંદ પ્રગટયો.–આવો અમારો નિજવૈભવ છે.

અમારા ગુરુ કેવા હતા? કે આત્માના વિજ્ઞાન ઘનસ્વરૂપમાં મગ્ન હતા.–એમ ગુરુની ઓળખાણ કરી છે.

ગુરુએ શેનો ઉપદેશ આપ્યો? કે શુદ્ધઆત્માનો ઉપદેશ આપ્યો.

તે ઝીલીને અમે શું કર્યું? કે નિરંતર ઝરતો જે સુંદર આનંદ, તે આનંદના પ્રચુર સ્વસંવેદન વડે અમે અમારો નિજવૈભવ પ્રગટ કર્યો છે.

આત્મામાં આવો નિજવૈભવ પ્રગટ કરીને અમે તે નિજવૈભવથી શુદ્ધાત્માનું સ્વરૂપ આ સમયસારમાં દેખાડશું, તે તમે સ્વાનુભવથી પ્રમાણ કરજો.

જુઓ, કેવી અપૂર્વ સંધિ છે!

અમારા ગુરુઓએ અમને શુદ્ધાત્મા દેખાડયો, તે અમે અનુભવમાં લઈને નિજવૈભવ પ્રગટ કર્યો, તે જ શુદ્ધાત્મા હવે હું તમને દેખાડું છું, ને તમે પણ તમારા સ્વાનુભવથી તે પ્રગટ કરજો.

'સમયસાર' ની શરૂઆત પણ એવી અપૂર્વ કરી કે અનંતા સિદ્ધભગવંતોને આત્મામાં સ્થાપીને મંગળ કર્યું. જેવા સિદ્ધ ભગવાન છે તેવો જ હું છું–એમ સિદ્ધભગવાનને આત્મામાં સ્થાપીને તેમને વંદન કર્યા. હું સિદ્ધ ને તું પણ સિદ્ધ–એમ શ્રોતાને પણ ભેગો લઈને સમયસાર સંભળાવે છે, તું પણ આત્મામાં સિદ્ધપણું સ્થાપીને, હા પાડીને હોંશથી સાંભળજે.

પરઘરમાં અનંતકાળ વીત્યો પણ સ્વઘરમાં આવતાં ઉત્સાહ હોય છે; સંસારમાં રખડવામાં ભલે અનંતકાળ વીત્યો પણ સાધક થઈને મોક્ષને સાધતાં કોઈને અનંતકાળ ન લાગે; અસંખ્ય સમયથી વધારે સાધકપણામાં લાગે નહીં. જેમ સવારે બળદ જ્યારે ઘરેથી નીકળીને ખેતરમાં મજાુરી કરવા જતા હોય ત્યારે તેની ચાલમાં વેગ ન હોય; ધીમે ધીમે જાય; પણ સાંજે જ્યારે આખા દિવસની મજાુરીથી છૂટીને ઘરે આવતા હોય ત્યારે ઉત્સાહભેર દોડતા આવે છે; હવે નિરાંતે ઘરમાં રહેશું ને ગમાણમાં ચારો ચરશું–એમ તેને ઉત્સાહ છે. તેમ અજ્ઞાનથી સંસારમાં અનંતકાળ સુધી રખડી રખડીને થાકેલો જીવ, જ્યારે અંતરમાં સ્વઘરે આવે છે ત્યારે ઉત્સાહથી તેની પરિણતિ સ્વરૂપ તરફ દોડે છે, ને અસંખ્ય સમયના કાળમાં સંસારનો છેદ કરીને પરમ આનંદરૂપ સિદ્ધપદને સાધી લ્યે છે.

**અહો, આવા આનંદમય નિજપદને સાધવાની રીત આચાર્યદેવે આ સમયસારમાં બતાવીને જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે;** જગતને આત્માના આનંદની ભેટ આપી છે. જેવો પૂર્ણાનંદનો સ્વાદ સર્વજ્ઞ પરમાત્માએ લીધો તેવો જ આનંદનો સ્વાદ આત્મામાં પ્રગટે, ભલે પૂરો નહીં પણ અંશે, છતાં આનંદની જાત તો તે જ,–એવો આનંદ આત્મામાં પ્રગટે ત્યારે ધર્મ થયો કહેવાય. આત્માના વૈભવરૂપ ધર્મ, તેમાં આનંદની છાપ છે. ધર્મ થાય ને આત્માનો આનંદ ન પ્રગટે એમ બને નહીં. ચૈતન્ય સરોવરમાં ડુબકી મારતાં અતીન્દ્રિય આનંદ પ્રગટે છે. ચૈતન્યસરોવરનો હંસલો આનંદરૂપી સાચા મોતીનો ચારો ચરે છે. હે **જીવ! અમે આનંદના અનુભવપૂર્વક જે શુદ્ધાત્મા બતાવીએ છીએ તે શુદ્ધાત્માને તું પ્રમાણ કરજે, વિકલ્પથી નહીં પણ અંતરના સ્વાનુભવથી પ્રમાણ કરજે, આમ કહીને આચાર્યભગવાને અનુગ્રહપૂર્વક જગતને આત્માના આનંદની ભેટ આપી છે.**

**( જામનગર-પ્રવચન, સમયસાર ગા. ૫, મહા સુદ પાંચમ )**

*****

# આચાર્યદેવ શુદ્ધઆત્મા દેખાડે છે

## શિષ્યને એક જ ધૂન છે કે મારા શુદ્ધઆત્માને મારે જાણવો

આત્માનું શુદ્ધસ્વરૂપ કેવું છે કે જેને જાણવાથી આત્માનું કલ્યાણ થાય? જેનું સ્વરૂપ ન જાણવાથી હું સંસારમાં દુઃખી થયો, અને જેને જાણવાથી પરમ આનંદ પ્રગટે એવા શુદ્ધાત્માનું સ્વરૂપ કેવું છે?–આ પ્રમાણે શુદ્ધઆત્માનું સ્વરૂપ જાણવાની ધગશથી જે શિષ્ય પૂછે છે તેને આચાર્યદેવ શુદ્ધઆત્માનું સ્વરૂપ દેખાડે છે. સ્વર્ગ કેમ મળે, પુણ્ય કેમ બંધાય કે પૈસા કેમ મળે–એવી કોઈ વાત શિષ્ય નથી પૂછતો, તેના અંતરમાં તેનો પ્રેમ નથી, તેના અંતરમાં એક જ ધૂન છે કે મારા શુદ્ધઆત્માને મારે જાણવો છે. તેથી તેની જ વાત પૂછે છે. એવા શિષ્યને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવવા આ સમયસારની રચના છે.

વીતરાગ પરમાત્માની વાણી જેમને સાક્ષાત્ સાંભળવા મળી હતી, અંતરમાં આત્માના આનંદની જ્યોતિ જેમને પ્રગટી હતી, અને ચૈતન્યના વીતરાગસ્વરૂપમાં ઝૂલતા હતા એવા સંત–મહંતની આ વાણી છે. તેઓ આ સમયસારમાં એકત્વવિભક્ત શુદ્ધઆત્માનું સ્વરૂપ પોતાના આત્માના નિજવૈભવથી સમજાવે છે, એટલે કે અંતરના સ્વાનુભવપૂર્વક આ વાણી છે. તેના દ્વારા દર્શાવેલા શુદ્ધાત્માનો તમે જાતે સ્વાનુભવ કરીને શુદ્ધાત્માને પ્રમાણ કરજો.

આ છઠ્ઠી ગાથામાં આત્માના અપૂર્વ અલૌકિક ભાવો ભર્યા છે. ચૈતન્યરત્ન શું ચીજ છે તે બતાવ્યું છે. પણ રત્નની ઝલક તો ઝવેરી પારખી શકે, ખેડુતને એની ખબર ન પડે. ચૈતન્યપ્રકાશથી ઝળકતો આત્મા સર્વજ્ઞતા અને આનંદના સમુદ્રથી ભરેલો છે. એની અંદરની રિદ્ધિ, એનો નિજવૈભવ કોઈ અચિંત્ય છે. આવા સ્વભાવવાળો જ્ઞાયક આત્મા સ્વયંસિદ્ધ અનાદિઅનંત સત્રૂપ છે, વર્તમાન પણ એવો જ પ્રકાશમાન છે. જ્ઞાયકસ્વભાવી આત્મા અનાદિઅનંત એવો ને એવો એકરૂપ, તે શુભ ને અશુભ એવા કષાયચક્રરૂપે થઈ ગયો નથી. સ્વસંવેદનથી આવો આત્મા અનુભવમાં આવે છે. અનાદિ–અનંત આત્માનું જ્ઞાન તો એક ક્ષણમાં થઈ જાય છે. પર્યાય અંતર્મુખ થતાં એક સમયમાં અનાદિઅનંત આત્મા સ્વાનુભવથી જણાય છે. આત્માનો અનુભવ

કેમ થાય તે જ વાત છે; એના સિવાય બધું થોથેથોથાં છે. આવા જ્ઞાયકસ્વરૂપ આત્માને દ્રષ્ટિમાં લઈને તેનો અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય છે. આવા આત્માને સ્વાનુભવથી હે શિષ્ય! તું જાણ. તેને જાણતાં જન્મ–મરણ છૂટી જશે ને પરમ આનંદ થશે, કેમકે તે જ્ઞાયકતત્ત્વ જન્મ–મરણ વગરનું છે. અને આનંદથી ભરેલું છે, તેથી તેના અનુભવવડે જન્મ–મરણ છૂટી જાય છે ને આનંદ પ્રગટે છે.

શુભ–અશુભભાવો તે આત્માની અશુદ્ધદશા છે, પર્યાયમાં તે અશુદ્ધતા છે; પણ એક જ્ઞાયકભાવરૂપ આત્માને લક્ષમાં લઈને તેના શુદ્ધસ્વભાવને જોતાં તે શુભ કે અશુભરૂપ થયો નથી, જ્ઞાયકભાવરૂપ જ છે. આવું જ્ઞાયકસ્વરૂપ પોતાનું જ છે, ને પોતાને તે સમજી શકાય તેવું છે, તેથી સંતોએ તે સમજાવ્યું છે. પણ તે સમજવા માટે અંદરથી બીજા ભાવોનો પ્રેમ છૂટી જવો જોઈએ. પૂર્વના અસત્યના આગ્રહ છોડીને પાત્ર થઈને સત્સમાગમે પ્રયત્ન કરે તો જરૂર સમજાય તેવું છે. અને સમજતાં આનંદ થાય એવી આ ચૈતન્યવસ્તુ છે.

અનાદિથી પોતાના સાચા સ્વરૂપને ભૂલીને, પુણ્ય–પાપ સાથે એકપણે જ આત્માને અનુભવ્યો છે, પણ જો અંતરમાં એકરૂપ જ્ઞાયકભાવની સમીપ જઈને, તેમાં એકાગ્ર થઈને અનુભવ કરે તો ભગવાન આત્મા પુણ્ય–પાપથી જુદો અનુભવાય છે, તેને જ શુદ્ધઆત્મા કહેવાય છે. આ રીતે પુણ્ય–પાપથી ભિન્નપણે શુદ્ધ આત્માને ઉપાસવો, અનુભવવો, તે મોક્ષનું કારણ છે. આ જ દુઃખથી છૂટવાનો ઉપાય છે.

ભગવાન આત્મા તો આનંદનો ઉત્પન્ન કરનારો છે, તે કાંઈ પુણ્ય–પાપરૂપ કષાયચક્રને ઉત્પન્ન કરનારો નથી. અવસ્થા અપેક્ષાએ જુઓ તો પુણ્ય–પાપને ઉત્પન્ન કરનારા શુભાશુભભાવો તે–રૂપે આત્મા પરિણમ્યો છે, પણ દ્રવ્યના સ્વભાવથી જુઓ તો ભગવાન આત્મા તો એક જ્ઞાયકભાવ જ છે, તે શુભ કે અશુભરૂપ કદી થયો જ નથી.–આવો આત્મા લક્ષમાં લેવો તે સમ્યગ્દર્શન છે; કોઈ ભેદ–ભંગ વિકલ્પ તેમાં નથી.

શુભ–અશુભ ભાવોમાં ચૈતન્યનો પ્રકાશ નથી, ચૈતન્યમાંથી તેની ઉત્પતિ થઈ નથી, અને તે શુભાશુભભાવોમાંથી ચૈતન્યની ઉત્પત્તિ થતી નથી. શુભાશુભભાવો તે પુણ્ય–પાપરૂપ સંસારને ઉત્પન્ન કરનારા છે, તેનાથી કાંઈ આત્માનો ચૈતન્યપ્રકાશ ખીલતો નથી. માટે ચેતનભાવથી તે શુભ–અશુભરાગ જુદો જ છે. રાગથી ભિન્ન ચેતનવસ્તુ

છે તે ચેતનપણું છોડીને રાગરૂપ થઈ જતી નથી.–આવી વસ્તુને દ્રવ્યસ્વભાવથી શુદ્ધ દેખવી તે સમ્યગ્દર્શન છે, તેમાં આનંદનું વેદન છે.

આત્મા સ્પષ્ટ–પ્રકાશમાન જ્યોતિ છે, એટલે પોતે પોતાના જ્ઞાનદ્વારા પ્રત્યક્ષ વેદાય એવો છે. આવું પ્રત્યક્ષ સ્વસંવેદન કરે ત્યારે જ સમ્યગ્દર્શન થાય છે.

(જામનગર–પ્રવચન : મહા સુદ ૬, ગા. ૬)

* રે જીવ! તારે મોક્ષમાર્ગી થવું છે ને! તો સંસારમાર્ગી જીવો કરતાં મોક્ષમાર્ગી જીવોનાં લક્ષણ તદ્ન જુદાં હોય છે. માટે પ્રતિકૂળતા વગેરે પ્રસંગ આવતાં તું સંસારી જીવોની જેમ ન વર્તીશ, પણ મોક્ષમાર્ગી–ધર્માત્માઓની પ્રવૃત્તિ લક્ષમાં લઈને તે રીતે વર્તજે; મોક્ષમાર્ગમાં દ્રઢ રહેજે...મોક્ષમાર્ગી ધર્માત્માઓના જીવનને તારા આદર્શરૂપે રાખજે.

* ભાઈ, જીવનમાં પ્રતિકૂળતાના નાના–મોટા પ્રસંગો તો આવશે, કોઈ માન–અપમાનના પ્રસંગો આવશે, પણ એવા પ્રસંગે તારા જ્ઞાન–વૈરાગ્યના બળે તારા મોક્ષમાર્ગને તું સાચવી રાખજે. પ્રતિકૂળતાના પ્રસંગે મોક્ષમાર્ગથી ડગી ન જઈશ. પણ, હું તો મોક્ષમાર્ગી છું, મારે તો મોક્ષને સાધવો છે–એમ દ્રઢતા વડે સહનશીલ બનજે. એવા પ્રસંગે જો તું પણ સાધારણ સંસારી જીવોની જેમ જ વર્ત તો તેનામાં ને તારામાં ફેર શું પડયો? સંસારના જીવો કરતાં મોક્ષને સાધનારા જીવોના પરિણામની ધારા તદ્દન જુદા પ્રકારની હોય છે.

# રાગ તારું સ્વરૂપ નથી

卐

**ગુરુદેવ જામનગર પધાર્યા ત્યારે ચેલા ગામે પણ પધાર્યા હતા. ચેલા તે જીવરાજજી મહારાજનું વતન છે. ત્યાંની ગ્રામ્યજનતા સમક્ષ ગુરુદેવે કરેલું સહેલું પ્રવચન અહીં આપ્યું છે. (મહા સુદ છઠ: સમયસાર કળશ ૧૮૩) પ્રવચન પછી ગામના ૯૦ વર્ષના આગેવાન શ્રી લખમશી દાદાએ પોતાનો પ્રમોદ વ્યક્ત કરતાં કહ્યું કે આપના પ્રતાપે અમારું ચેલા તો આજે મુંબઈ શહેર જેવું બની ગયું છે; આત્માની આવી વાત ૯૦ વર્ષમાં આજે પહેલ વેલી સાંભળી.**

णमो अरिहंताणं એટલે આત્મામાં જે અજ્ઞાન અને રાગ–દ્વેષરૂપી શત્રુ હતા તેને હણીને જેઓ સર્વજ્ઞ વીતરાગ થયા તે અરિહંત ભગવાન છે. અત્યારે વિદેહમાં એવા અરિહંત પરમાત્મા સીમંધર ભગવાન વગેરે બિરાજે છે. આ દેહથી ભિન્ન આત્મા છે, તેમાં આનંદ છે, તેનું ભાન કરીને સર્વજ્ઞ થયા તેઓ અરિહંતપરમાત્મા છે.

જીવને પોતાની ખબર નથી; પોતાને ભૂલીને ચારગતિના અનંત ભવ જીવે કર્યા છે. સ્વર્ગમાં ને નરકમાં, ઢોરમાં ને મનુષ્યમાં, એમ ચારગતિના અવતાર જીવે અનંતવાર કર્યા છે. શ્રીમદ્ રાજચંદ્ર આત્મજ્ઞાની હતા, જેમને સાતવર્ષની નાનીવયે પોતાના પૂર્વભવનું જ્ઞાન થયું હતું, તેઓ ૧૬ વર્ષની વયે લખે છે કે–

**બહુ પુણ્ય કેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો,**
**તોયે અરે! ભવચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો.**

આવો મોંઘો મનુષ્ય અવતાર મળ્યો, તેમાં આત્માનું ભાન કરીને ભવચક્ર કેમ મટે? તે કરવા જેવું છે. શ્રેણીકરાજા મહાવીર ભગવાનના વખતમાં થયા, તેને પહેલાં આત્માનું ભાન ન હતું, ને વીતરાગી દિગંબરમુનિની વિરાધના કરીને, સર્પનો ઉપદ્રવ કર્યો તેથી નરકનું આયુષ બાંધ્યું હતું. પણ પછી મુનિ પાસેથી ધર્મ સાંભળી આત્માની ઓળખાણ કરી; ને પછી ક્ષાયિકસમકિત સહિત તીર્થંકર નામકર્મ બાંધ્યું. આવતી ચોવીશીમાં તે પહેલા તીર્થંકર થશે. જેવા મહાવીર ભગવાન હતા તેવા એ

તીર્થંકર થશે. એ કોનો પ્રતાપ? કે અંદર સમ્યગ્દર્શન હતું, આત્માનું ભાન હતું, તેથી એકભવે તેઓ તીર્થંકર થશે.

જેમ કસ્તુરીની સુગંધ મૃગલાની ડૂંટીમાં જ છે પણ બહારમાં ઢૂંઢે છે, તેમ ચૈતન્યનું સુખ આત્મામાં જ છે પણ અજ્ઞાની બહાર શોધે છે. આત્મા દેહ રાગથી પાર જ્ઞાનાનંદસ્વરૂપ છે. એવા આત્માને ઓળખવો જોઈએ. તે માટે આચાર્યદેવ કળશ ૧૩૮ માં કહે છે કે–

અરે જીવો! અનાદિ સંસારથી રાગમાં અંધ બનીને તમે સૂતા, રાગને જ નિજપદ માનીને તમે સૂતા છો. પણ તમારું નિજપદ તો જ્ઞાનમય છે, તે જ્ઞાનમય શુદ્ધ પદને તમે ઓળખો.

પ્રશ્નઃ– આપ તો ઘણો આત્મા સમજાવો છો, પણ કરમ હેરાન કરે તેનું શું?

ઉત્તરઃ– આત્મા બેઠો છે કે નહીં? આત્મા જાગીને પુરુષાર્થ કરે તેને કર્મ કાંઈ રોકતા નથી. એક દશ વર્ષનો છોકરો આઠ વર્ષના નાના છોકરા સાથે ઝગડો કરવા ગયો; નાના છોકરાએ તેને માર્યો, ત્યાં રોતો રોતો મા પાસે જઈને ફરિયાદ કરવા લાગ્યો કે મા! આણે મને માર્યો! મા કહે–અરે ઢગા! તું આવડો મોટો, ને નાનો છોકરો તને મારે! તેમ મોટા પુરુષાર્થનો ભંડાર ભગવાન આત્મા, તે એમ કહે કે જડ કર્મે મને માર્યો! –તો જિનવાણીમાતા કહે છે કે અરે મોટા ઢગા! તું પોતે અનંતા જ્ઞાનનો ભંડાર, અનંતા વીર્યબળનો સ્વામી, તું તારા સ્વરૂપને ભૂલીને અંધ થયો છે, ને કર્મનો વાંક મફતનો કાઢે છે. માટે જાગ! તારો આત્મા શુદ્ધ જ્ઞાનમય છે –એમ તું ઓળખ.

પ્રભો! રાગ તારા આત્માનું સાચું સ્વરૂપ નથી, પણ તેં આત્માને રાગવાળો જ માન્યો છે. આત્માનું સાચું સ્વરૂપ તો જ્ઞાન–આનંદમય છે, તે જ તારું સાચું પદ છે; તેને તું ઓળખ. જેમ કાચો ચણો વાવતાં ઊગે છે ને સ્વાદ તૂરો હોય છે, પણ તેને શેકતાં મીઠાશ આપે છે, તે મીઠાશ ક્યાંથી આવી? ચણામાં ભરી હતી તે જ પ્રગટી છે; અને પછી તે શેકેલો ચણો ઊગતો નથી. તેમ અજ્ઞાનથી આત્મા દુઃખનો તૂરો સ્વાદ વેદે છે ને જન્મ–મરણ કરે છે; પણ સાચી શ્રદ્ધા અને સાચા જ્ઞાન વડે તેને શેકતાં આનંદનો સ્વાદ આવે છે ને પછી તેને જન્મ–મરણ રહેતા નથી. માટે રાગ વિનાના શુદ્ધ જ્ઞાનસ્વરૂપ પોતાના આત્માને ઓળખવો–એમ ઉપદેશ છે.

# આત્માની શક્તિ અપાર છે

**જસદણના દરબારગઢમાં જાણે ધર્મનો દરબાર ભરાયો હોય એવા વાતાવરણ વચ્ચે પૂ. ગુરુદેવ અત્યંત સુગમ શૈલીથી આત્માના ધર્મનું સ્વરૂપ સમજાવતા હતા; જસદણની જનતા ઉપરાંત દરબારશ્રી તથા રાનીસાહેબ પણ પ્રવચન સાંભળતાં હતા.**

**( મહા સુદ ૮-૯, સમયસાર કલશ ૯૭ )**

આ આત્મા અનાદિથી પોતાના જ્ઞાનસ્વરૂપને ભૂલીને અજ્ઞાનને લીધે સંસારમાં રખડે છે. આત્મા સ્વયં જ્ઞાનરૂપ છે. પણ શરીર હું અને રાગ હું એવી અજ્ઞાનબુદ્ધિ કરીને તે દુઃખી થાય છે, ને એક ગતિમાંથી બીજી ગતિમાં ભવ કરે છે. પૂર્વભવમાં આત્મા ક્યાં હતો તેનું ભાન પણ થઈ શકે છે. આત્માનું જ્ઞાન જુદું ને પૂર્વભવનું જ્ઞાન થાય તે જુદું; એક બાળાને અઢી વર્ષે પૂર્વભવનું જ્ઞાન થયું છે; તે સોનગઢમાં રહે છે. આત્માના જ્ઞાનસહિત ચાર–ચાર ભવનું જ્ઞાન હોય એવા આત્મા પણ અત્યારે અહીં છે....... આત્માની જ્ઞાનશક્તિ અલૌકિક છે. 'તું બન જા બને તો પરમાત્મા.....તેરી આત્માકી શક્તિ અપાર હૈ.'

શ્રીમદ્ રાજચંદ્રને ( મોરબી પાસે વવાણીયામાં ) સાત વર્ષની વયે પૂર્વભવનું જ્ઞાન થયું હતું; તેમની અગાધ યાદશક્તિથી ચક્તિ થઈને ગાંધીજી ખ્રિસ્તધર્મ અંગીકાર કરતા અટકી ગયા હતા. તે શ્રીમદ્ રાજચંદ્ર ૧૬ વર્ષની ઉંમરે 'અમૂલ્ય તત્ત્વવિચાર' માં લખે છે કે–

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનમાં સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યાં.

આવી પાંચ કડીનો એક પાઠ છે. અંદરમાં તેમને આત્માનું ભાન હતું. અરે જીવો! આવો મોંઘો મનુષ્યઅવતાર ઘણા પુણ્યથી મળ્યો છે, તેમાં જો આત્માની ઓળખાણ કરીને ભવચક્રનો અંત ન આવે તો આ મનુષ્યઅવતાર મળ્યો શા કામનો? બહારના વિષયોમાંથી–લક્ષ્મીથી–કુટુંબપરિવારથી સુખ લેવા જતાં આત્માનું સાચું સુખ ચુકાઈ જાય છે. અરે, આ વાત જરાક લક્ષમાં તો લ્યો. પ્રભો! તારો આનંદ

તારામાં છે, તારું જ્ઞાનજીવન તારામાં છે, તેને ભૂલીને ક્ષણેક્ષણે અજ્ઞાનથી ભાવમરણમાં તું મરી રહ્યો છે. તે ભાવમરણથી બચવા માટે અને આત્માનું આનંદમય જીવન પ્રાપ્ત કરવા માટે જ્ઞાનીનો આ ઉપદેશ છે.

આત્માની નિજની કિંમત આવ્યા વગર પરની કિંમત જાય નહીં; અને પરની કિંમત ગયા વગર આત્માની કિંમત આવે નહીં. પૈસાના જડ ઢગલા ભેગા કર્યે તેમાંથી કાંઈ સુખ નીકળતું નથી. અમેરિકાના લોકો સુખી હશે એમ ભ્રમણાથી લોકો માને છે. પણ અમેરિકાના અબજોપતિ લોકો પણ કહે છે કે આટલી સંપત્તિ હોવા છતાં અમે દુઃખી છીએ, અમને શાંતિ નથી, શાંતિ માટે અમારે કોઈ અધ્યાત્મસંપત્તિ શોધવી પડશે. બહારમાં ધનના ઢગલા હોય, રાજપાટ હોય તેથી આત્માને શું? આત્મામાં એ કોઈ ચીજ આવતી નથી ને તેમાંથી આત્માનું સુખ આવતું નથી. એની મમતાથી તો માત્ર સંસાર વધે છે, આત્માનું સુખ તો પોતામાં છે, જેમ ચણાની મીઠાશ ચણામાંથી જ પ્રગટે છે,–તાવડામાંથી નથી આવતી; તેમ આત્માના આનંદનો મીઠો સ્વાદ આત્મામાંથી જ પ્રગટે છે, શરીરમાંથી કે સંયોગમાંથી આવતો નથી. પ્રભુ! તું પોતે જ્ઞાનરૂપ છો; તારા આવા આત્માને તું લક્ષમાં તો લે. સંતો તને ભગવાન કહીને બોલાવે છે. તું પામર નથી, રાગ જેટલો તું નથી, રાગ તો મેલ છે ને તું તો નિર્મળ ચૈતન્યસ્વભાવથી ભરેલો ભગવાન છો. અહા! આત્માને 'ભગવાન' કહીને બોલાવે–એ કેવી મીઠી વાત! જેના અંતરમાં પોતાનું ભગવાનપણું બેઠું તે અલ્પકાળમાં ભગવાન થયે છૂટકો.

આત્મા જ્યારે પોતાની શુદ્ધતાનું આરાધન કરે છે ત્યારે પાપ અને પુણ્ય બંને ભાવો છૂટી જાય છે, કેમકે પુણ્ય–પાપ તે આત્માનું અસલી સ્વરૂપ નથી. આત્મા તો ચૈતન્યમૂર્તિ ભગવાન છે. પણ તું તને ભૂલ્યો છો.–કોઈએ તને ભુલાવ્યો નથી; ભૂલ તેં કરી છે, ને સાચું ભાન કરીને તે ભૂલનો ભાંગનાર પણ તું જ છો. ભૂલમાં ભલે અનંતકાળ ગુમાવ્યો પણ પોતાનું સ્વરૂપ નાશ થઈ ગયું નથી; ભગવાન જેવું તારું સ્વરૂપ એમ ને એમ પડ્યું છે. 'તું ભગવાન છો' એમ નિજસ્વરૂપને લક્ષમાં લે તો સંસારનો નાશ થઈને મોક્ષની પ્રાપ્તિ થતાં અનંતકાળ નહીં લાગે; આત્માનું ભાન કરતાં અલ્પકાળમાં જ મોક્ષ થશે.

(પ્રવચન પછી દરબારહોલમાં શ્રી આદિનાથ ભગવાનને બિરાજમાન કરીને ભક્તિ થઈ હતી; અને 'દરબાર પ્રભુકા મનોહર હૈ' ઇત્યાદિ ભક્તિગીતો પૂ. બેનશ્રી–બેને ગવડાવ્યા હતા. જસદણમાં મહાવીર ભગવાનનું નાનકડું જિનમંદિર રંગબેરંગી ચિત્રો અને સિદ્ધાંતસૂત્રોથી શોભે છે.)

# 卐 આત્માનું શ્રેય સાધવાનો ઉપાય 卐

**મહા સુદ ૧૦-૧૧-૧૨ ના રોજ પૂ. ગુરુદેવ જેતપુર શહેરમાં પધાર્યા; જેતપુરના જિનાલયમાં શ્રેયાંસનાથ ભગવાન બિરાજમાન છે. અગિયારમા શ્રેયનાથ તીર્થંકરની પ્રતિષ્ઠાને અગિયારસે દશમું વર્ષ બેઠું, અને અગિયારમી ગાથા દ્વારા પૂ. ગુરુદેવે આત્માનું શ્રેય સાધવાની અપૂર્વ રીત બતાવી...તેનો સાર અહીં આપ્યો છે. ગુરુદેવ કહે છે કે અંધારાને જાણનારો પોતે આંધળો નથી; અંધકારનું જ્ઞાન પણ ચૈતન્યપ્રકાશની સત્તામાં જ થાય છે, એવા ચૈતન્યપ્રકાશરૂપે પોતે પોતાને દેખવો તે સમ્યગ્દર્શન છે, ને તે જ આત્માનું શ્રેય છે.**

આત્માને સમ્યગ્દર્શન કેમ થાય એટલે કે આનંદ કેમ થાય ? તે બતાવવા માટેના આ અમૃતમંત્રો છે. સમયસારની એકેક ગાથા ભગવાન આત્માના અમૃતસ્વરૂપને દેખાડે છે. તેમાં આ ૧૧ મી ગાથા જૈનસિદ્ધાંતનો પ્રાણ છે. તેમાં કહે છે કે આત્માનું ભૂતાર્થસ્વરૂપ એટલે કે સાચું સ્વરૂપ, તેને લક્ષમાં લઈને અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય છે. એ સિવાય પુણ્યના વિચારમાં અટકે કે ભેદના વિચારમાં અટકે તેને સાચો આત્મા અનુભવમાં આવતો નથી એટલે કે સમ્યગ્દર્શન થતું નથી.

શરીર તો જડ છે ને જડપણે જ સદાય રહ્યું છે, તે આત્માનું થઈને કદી રહ્યું નથી; અત્યારે પણ આત્માથી જુદું જ છે.

હવે આત્માની દશામાં દેખાતા જે રાગ–દ્વેષાદિ ભાવો છે તે પણ આત્માના જ્ઞાનસ્વરૂપની જાતના નથી, તે કદી જ્ઞાનરૂપ થયા નથી. તે રાગાદિભાવો અને જ્ઞાન બંને જુદી ચીજ છે. એટલે રાગવાળો આત્મા અનુભવતાં પણ તેનું શુદ્ધસ્વરૂપ અનુભવમાં નથી આવતું; તેનાથી પાર જ્ઞાનસ્વરૂપને અનુભવમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે.

પરસન્મુખ ઢળેલી જ્ઞાનપર્યાય જેટલો જ આત્મા માને તો તેને પણ અખંડ આત્માની ખબર નથી. અંતરમાં અખંડ આત્માનો આશ્રય કરીને અભેદપણે તેનો અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય છે.

સમ્યગ્દર્શનવડે ચૈતન્યચમત્કાર આત્મા જેણે પ્રાપ્ત કર્યો તે ન્યાલ થઈ જાય છે; તે જ શ્રેષ્ઠ છે ને તે જ ધર્મી છે. બાકી જેને ચૈતન્યનું ભાન નથી, તેની પાસે પુણ્યને લીધે લાખો કરોડો રૂપિયાના ઢગલા હોય તોપણ, જ્ઞાની કહે છે કે તે દીન છે, પર પાસેથી સુખ લેવા માંગે છે તે અજ્ઞાનથી પાગલ છે. પૈસાના ઢગલાથી કાંઈ સુખી થવાતું નથી, એ તો જડ છે, તેમાં સુખ કેવું ? **તવંગરપણું એ કાંઈ ગુણ નથી ને દરિદ્રતા તે કાંઈ દોષ નથી.** આત્માના અનંતગુણનો ખજાનો જેણે પ્રાપ્ત કર્યો તે સાચો તવંગર છે; ને પોતાના અનંતગુણના નિધાનને ભૂલીને જે બીજા પાસેથી સુખ માંગે છે તે દીન ભિખારી છે.

અહા, પોતાના ચૈતન્યસ્વરૂપની વાત પ્રસન્નચિત્તથી જે જીવ સાંભળે છે, એટલે કે રાગની રુચિથી આઘો ખસીને ચૈતન્યસ્વરૂપની રુચિ કરે છે તે જીવ અલ્પકાળમાં જરૂર મુક્તિ પામે છે. જીવે પરનો પ્રેમ કર્યો છે, રાગનો પ્રેમ કર્યો છે પણ રાગથી પાર ચૈતન્યસ્વરૂપ પોતે કોણ છે તે લક્ષમાં લઈને તેનો પ્રેમ પૂર્વે કદી કર્યો નથી. ચૈતન્યસ્વરૂપ અખંડ અનંતગુણનિધાન છે–તેનો પ્રેમ કરી, તેનું લક્ષ કરી, શ્રદ્ધા ને અનુભવ કરવો તે સમ્યગ્દર્શન છે, તે મોક્ષનો ઉપાય છે.

જીવ કોને કહેવો ? પરમાર્થ જીવનું સ્વરૂપ કેવું છે ? જીવે અનાદિથી પોતાનું જે શુદ્ધસ્વરૂપ છે તે કદી અનુભવ્યું નથી, ઓળખ્યું નથી; અને ઉપર ટપકે સંયોગવાળો કે અશુદ્ધતાવાળો જ પોતાને અનુભવ્યો છે, એટલું જ પોતાનું અસ્તિત્વ માન્યું છે.–તેઓ તો કાદવવાળું મેલું પાણી પીનારાની જેવા છે. પણ જેમ ઔષધિવડે પાણીને સ્વચ્છ કરીને વિવેકી પુરુષો સ્વચ્છ પાણી પીએ છે તેમ વિવેકી ધર્મીજીવ નિર્મળ ભેદજ્ઞાનવડે પોતાના આત્માને સંયોગથી અને મલિન ભાવોથી જુદો શુદ્ધસ્વરૂપે અનુભવે છે. આવો અનુભવ તે ધર્મ છે. એક સેકંડ પણ આવો ધર્મ કરે તેને જન્મ–મરણનું નિકંદન નીકળી જાય. આવા અનુભવ વગર બીજા કોઈ ઉપાયે જન્મ–મરણથી છૂટકારો થાય નહીં.

અરે, રાગની આડશમાં આખા ચૈતન્યભગવાનને અજ્ઞાની દેખતો નથી, રાગની પાછળ તે જ વખતે રાગ વગરનો આખો ચૈતન્યસમુદ્ર આનંદથી ભરેલો વિદ્યમાન છે. તે આનંદધામ આત્માને ન દેખતાં, રાગના કર્તાપણે જ પોતાનું અસ્તિત્વ દેખે છે, રાગથી જુદું પોતાનું અસ્તિત્વ દેખતો નથી તે જીવ ભેદજ્ઞાન

વગરનો છે એટલે વિવેક વગરનો છે, તે તો રાગને જ અનુભવે છે, ભૂતાર્થરૂપ એવા શુદ્ધઆત્માને તે અનુભવતો નથી.

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે જેવી અમારા આત્માની સત્તા છે, એવી જ દરેક આત્માની શુદ્ધ સત્તા છે. દરેક આત્મા જ્ઞાન–આનંદમય પોતપોતાની સત્તાથી પરિપૂર્ણ છે; પોતાના સ્વરૂપથી એકેક આત્માનું ભિન્નભિન્ન અસ્તિત્વ છે, તે કોઈ બીજાને લીધે નથી. આચાર્યદેવ કહે છે કે અહો! અંદર રાગથી જુદો, અનંત ગુણે પૂરો આત્મા છે તેને તમે દેખો. અંદર અંધારું નથી; અંધારાંનો પણ તે જાણનાર છે. અંધારાને જાણનાર પોતે આંધળો નથી; અંદર ચૈતન્યપ્રકાશ છે તેની સત્તામાં અંધકારનું જ્ઞાન થાય છે 'આવા ચૈતન્યપ્રકાશરૂપે પોતે પોતાને દેખવો તે સમ્યગ્દર્શન છે', ને તે જ આત્માનું શ્રેય છે. 'હું અંધારું છું–એમ નહિ પણ 'આ અંધારું છે ને હું તેને જાણું છું' એમ અંધારાથી ભિન્ન રહીને આત્મા તેને જાણે છે, પણ પોતે તેમાં ભળી જતો નથી. એ જ રીતે રાગ –દ્વેષ–ક્રોધાદિ જેટલા શુભ–અશુભ ભાવો છે તે બધા ભાવો ચૈતન્યપ્રકાશથી જુદા છે. આવા ચૈતન્યસ્વરૂપ આત્માના અનુભવથી જ સમ્યગ્દર્શન થાય છે, તેના અનુભવથી જ સમ્યગ્જ્ઞાન થાય છે, ને તેના અનુભવથી જ વીતરાગી સમ્યક્ચારિત્ર થાય છે.–આવો મોક્ષમાર્ગ છે, ને આ ધર્મ છે.

શરીર–પૈસા વગેરે પરવસ્તુ છે, તેનો આત્મામાં અભાવ છે; તે વસ્તુના અભાવરૂપ આત્માનું અસ્તિત્વ છે તે પોતાની ચૈતન્યસત્તાથી જ ટકેલું છે. એ જ રીતે રાગાદિ પરભાવો, તેના અભાવરૂપ શુદ્ધ ચૈતન્યનું અસ્તિત્વ પોતાથી જ છે. રાગ વગર કાંઈ આત્મા મરી જતો નથી, શુદ્ધ ચૈતન્યસત્તાથી જ તેનું જીવન સદાય ટકેલું છે. આવા આત્મામાં અંતર્મુખ થઈને રાગથી ભિન્નપણે તેનો અનુભવ કરવો તે સમ્યગ્દર્શન છે. તે જ આત્માનું શ્રેય છે. શ્રેયાંસનાથ ભગવાને આત્માના શ્રેયનો આવો માર્ગ ઉપદેશ્યો છે.

## બાળકપણમાં ધર્મસેવન

શાંતિનાથ ભગવાન પૂર્વે પંચમભવે જ્યારે વજ્રાયુદ્ધચક્રવર્તી હતા, ત્યારે કનકશાંતિ નામનો તેમનો પૌત્ર વૈરાગ્ય થતાં વિચારે છે કે–

ચતુર પુરુષોએ બાળકપણથી જ ધર્મનું સેવન કરવું જોઈએ, કેમકે યમરાજ ક્યારે તેડવા આવશે–તે કહી શકાતું નથી.

( શાંતિનાથ પુરાણ )

# જ્ઞાનની કિંમત

જ્ઞાનીઓએ કહ્યું છે કે આત્માના જ્ઞાનથી જ ધર્મ થાય છે, શરીરની ક્રિયાથી ધર્મ થતો નથી.

લોકોમાં પણ ખરેખર જ્ઞાનની કિંમત છે, દેહની ક્રિયાની કિંમત નથી. તેનો એક દાખલો–

એક કોઈ મોટા કારખાનાનું મશીન એકાએક ખોટકાઈ ગયું, દરરોજ કરોડોનું ઉત્પાદન કરતું આખું કારખાનું થંભી ગયું. તરત મોટા એન્જીનીયરને ખબર આપ્યાં. ઈજનેર સાહેબ આવ્યા, સાથે દસ કિલોના ઘણ સહિત મજાુરને પણ લાવ્યા.

ઈજનેરે મશીનનું અવલોકન કરીને બુદ્ધિથી (એટલે કે તે પ્રકારના જ્ઞાનથી) નક્કી કર્યું કે મશીનના અમુક ભાગમાં સાંધો ઢીલો પડી ગયો છે. તેને બરાબર ટીપીને મજબુત કરવાની જરૂર છે; એટલે તેણે સાથેના મજાુરને તે વાત કરી અને ઘણથી ટીપીને સાંધો મજબુત કરવાનું કહ્યું.

મજાુરભાઈએ અધમણીયા ઘણ વડે ટીપીટીપીને અડધી કલાકે સાંધો મજબુત કરી આપ્યો...ને મશીન ચાલુ થઈ ગયું. મજાુરો તો અડધી કલાક ઘણ પછાડી પછાડીને રેબઝેબ થઈ ગયો...ઈજનેરે શાંતિથી ઊભા ઊભા જોયું–એટલે કે જ્ઞાન કર્યું.

મશીન ચાલું થતાં સૌને આનંદ થયો, અને કારખાનાના માલીકોએ ઈજનેર સાહેબને રૂા. પાંચહજાર આપ્યા, જ્યારે મજાુરને આપ્યો માત્ર એક રૂપિયો.

ભાઈઓ, વિચાર કરો કે ઈજનેર અને મજાુર એ બેમાંથી શારીરિક મહેનત વધારે કોણે કરી? મજાુરે.–અને છતાં ફળ કોને વધારે મળ્યું? ઈજનેરને.–એનું કારણ?

કારણ કે તે વિષયનું જે જ્ઞાન ઈજનેરને હતું, તે જ્ઞાન મજાુરને ન હતું. લોકોએ તે જ્ઞાનની કિંમત કરી...એટલે ઈજનેરને જ્યારે પાંચહજાર રૂા. મળ્યા–ત્યારે મજુરને માત્ર એક રૂપિયો મળ્યો. અને આમ છતાં કોઈને અન્યાય થયો હોય–એમ લાગતું નથી; કેમકે લોકોમાંય અવ્યક્તપણે પણ જ્ઞાનની જ કિંમત છે. એ જ રીતે ધર્મમાં આત્મજ્ઞાનની કિંમત જાણવી.

# પાલેજપુરીમાં ચૈતન્યરસના વેપારી

卐

## * 'અનંતનાથ' ભગવાન... એટલે અનંત ગુણરત્નોથી ભરેલો ચૈતન્યરત્નાકર

મહા વદ બીજના રોજ પાલેજ શહેરમાં પધારતાં સ્વાગત બાદ જિનમંદિરમાં અનંત જિનેન્દ્રદેવનાં દર્શન-વંદન કરીને, પછી મંગલપ્રવચનમાં અનંત ગુણના રત્નાકરનો મહિમા બતાવતાં ગુરુદેવે કહ્યું કે-સ્વયંભૂરમણસમુદ્ર (કે જે અસંખ્ય યોજન મોટો છે) તેમાં રત્નો ભર્યા છે, તેની રેતી રત્નોની રજની બનેલી છે; સમુદ્રમાં રત્નો ભર્યા હોવાથી તેને રત્નાકર કહેવાય છે; તેમ આ આત્મા અનંત ગુણરત્નોથી ભરેલો ચૈતન્યરત્નાકર છે; જ્ઞાન-શ્રદ્ધા-આનંદ વગેરે અનંત રત્નો તેમાં ભરેલા છે. અહીં (પાલેજ જિનમંદિરમાં) અનંતનાથભગવાન બિરાજે છે, તેમ દરેક આત્મામાં અનંત ગુણથી ભરેલો અનંતનાથ પરમાત્મા બિરાજે છે. પણ પરની કિંમત આડે પોતે પોતાની કિંમત ભૂલી ગયો છે. પોતે પોતાની કિંમત કરે તો તેનો આનંદ પ્રાપ્ત થાય છે, ને અંદરમાં ડુબકી મારતાં સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાનરૂપ નિર્મળ રત્નો હાથ આવે છે. પર તરફનું વલણ છોડીને અંતરના ચૈતન્યસમુદ્રમાં અવગાહન કરતાં આનંદરસના કણીયા હાથ આવે છે, તે મંગળ છે.

## * ચૈતન્યરસના વેપારી

"ચૈતન્યરસના અપૂર્વ વેપારી.....જ્ઞાનદાન આપે અપાર....ભવ્ય સહુ આવો જોવાને...." એક વખતના પાલેજપુરીના એ વેપારી આજે એનાથી જુદી જાતનો ચૈતન્યરસનો વેપાર કરી રહ્યા છે, ચૈતન્યરસનું સ્વરૂપ સમજાવી જગતના જીવોને અપૂર્વ જ્ઞાનદાન આપે છે...અને ભારતભરના જિજ્ઞાસુ-ગરાગો તે લેવા ઉમટી રહ્યા છે.-આવા ભાવસૂચક ભક્તિ પૂ. બેનશ્રી-બેને પાલેજમાં કરાવી હતી.

## * સુખથી ભરેલો ચૈતન્યદરિયો....તેને અંતરમાં શોધો *

બપોરે પ્રવચનમાં સ. કળશ ૩૨ ઉપર પ્રવચન કરતાં ગુરુદેવે કહ્યું-અહો, આ આત્મા ચૈતન્યનો મહા દરિયો અનંત ગુણથી ભરીઓ; જ્ઞાની તેનો અનુભવ કરીને

કહે છે કે અહો ! આ ભગવાન જ્ઞાનસમુદ્ર પ્રગટયો છે, તેમાં જગતના જીવો મગ્ન થાઓ. બહારની તો કોઈ ચીજ દુકાન–મકાન–શરીર વગેરે આત્માની નથી, પણ અંદર જે રાગ–દ્વેષના ભાવ થાય છે તે આત્માનું ખરું સ્વરૂપ નથી, તેનો નાશ કરીને આત્મા મુક્તિ પામે છે. ભાઈ, તને જડ–શરીરની અને પુણ્યના ઠાઠની કિંમત લાગે છે. તેનો મહિમા અને રસ તને આવે છે, પણ અનંત સુખથી ભરપૂર, પુણ્ય–પાપ વગરની ને શરીર વગરની ચીજ એવો જે તારો આત્મા તેની કિંમત, તેનો મહિમા, તેનો રસ અંતરમાં જગાડ તો ધર્મ થાય ને મુક્તિ મળે. બહારનો મહિમા કરી કરીને તું સંસારમાં રખડયો પણ જે અનંત જ્ઞાનસમુદ્ર પોતામાં છે તેની સામું જોયું નહીં. અહીં તેને સમજાવે છે કે ભાઈ ! આત્મા તો જ્ઞાનનો સિંધુ છે, જ્ઞાન ને આનંદનો દરિયો આત્મા છે, પણ તે કાંઈ રાગનો કે પુણ્યનો દરિયો નથી; જડનો ને રાગનો તો ચૈતન્યસમુદ્રમાં અભાવ છે. પણ જ્ઞાન અને આનંદથી તે ભરેલો છે. આત્માના જ્ઞાન ને આનંદ છે તો પોતામાં–પણ ભૂલીને શોધે છે બહારમાં; જે વસ્તુ જ્યાં હોય ત્યાં શોધે તો તે મળે. પણ વસ્તુ હોય ઘરમાં ને શોધે બહાર–તો ક્યાંથી મળે ? તેમ ચૈતન્યવસ્તુને ચૈતન્યમાં શોધે તો મળે, પણ ચૈતન્યવસ્તુને રાગમાં કે જડનાં ઢગલામાં શરીરની ક્રિયામાં શોધે તો ક્યાંથી મળે ?–કદી ન મળે. જેમ માતા બાળકને તેનાં ગાણાં સંભળાવે તેમ આ જિનવાણીમાતા જીવને તેના ગુણનાં ગાણાં સંભળાવે છે કે ભગવાન ! તું અનંત ગુણનો ભંડાર છો, તું શુદ્ધ છો, તું બુદ્ધ છો, જ્ઞાનનો સમુદ્ર તું પોતે છો. આવા આત્માને લક્ષગત કરતાં ચૈતન્યસમુદ્ર પોતે તળીયેથી ઊલ્લસીને પર્યાયમાં જ્ઞાનની ને સુખની ભરતી આવે છે. આવા આત્માની સમજણનો વેપાર કરવા જેવું છે. સમજણનો વેપાર એટલે કે અંતર્મુખ થઈને આત્માને સમજવાનો વારંવાર અભ્યાસ કરવો, તે લાભનો વેપાર છે.

શ્રીમદ્ રાજચંદ્ર પણ આત્માની ઓળખાણનો ઉપદેશ આપતાં ૧૬ વર્ષની વયે કહે છે કે–

હું કોણ છું ? ક્યાંથી થયો ? ને મારું ખરું સ્વરૂપ શું છે ? કોની સાથે મારે કેવો સંબંધ છે ? અને તે હું રાખું કે છોડું ? તેનાથી મને લાભ છે કે નુકશાન ? એમ પોતાના સ્વરૂપના વિચાર, અંતરમાં શાંત થઈને વિવેકપૂર્વક કરવા. અને એવા અંતર્વિચાર વડે આત્માનું સ્વરૂપ સમજતાં સર્વે સિદ્ધાંતનો સાર અનુભવમાં આવી જાય છે. જ્ઞાનનો સમુદ્ર તો આત્મા પોતે છે; પણ પુણ્ય–પાપની તરણાં જેવી લાગણીઓને પોતાનું સ્વરૂપ માનીને ભ્રમણાથી તેમાં અટકી રહ્યો છે

તેથી ભ્રમણારૂપી તરણાંની ઓથે આખો ચૈતન્યદરિયો ઊછળતો તેને દેખાતો નથી. અરે! એને પોતાના આત્માને જોવાનો ઉત્સાહ ને ઉલ્લાસ અંતરમાં આવતો નથી. અંદરમાં ઉલ્લાસ લાવીને જિજ્ઞાસાથી સમજવા માંગે તો આઠ વર્ષના બાળકને પણ સમજાય તેવી વાત છે. વેપાર–ધંધાના પાપ આડે આત્માના હિતની દરકાર કરતો નથી, પણ બાપુ! એ તો બધું ફૂ થઈને ચાલ્યું જશે. માટે આત્મા માટે નિવૃત્તિ લઈને તેની સમજણ કરવા જેવી છે. રે જીવ! તારો પ્રભુ તારામાં છે.....અંતરમાં તારા આત્માને તું દેખ.

## કોણ મુક્તિ પામે છે?

કોણ મુક્તિ પામે છે?

જેઓ શુદ્ધ આત્માનો અનુભવ કરે છે તેઓ જ મુક્તિ પામે છે.

કોણ મુક્તિ નથી પામતો?

જેઓ શુદ્ધઆત્માનો અનુભવ નથી કરતા ને પરનો આશ્રય કરે છે તેઓ મુક્તિ નથી પામતા.

વ્યવહારનો આશ્રય શા માટે છોડવો?

કેમકે વ્યવહારનો આશ્રય તે પરનો આશ્રય છે, ને પરનો આશ્રય કરવાથી મુક્તિ થતી નથી, પરનો આશ્રય તો બંધનું જ કારણ છે. માટે બંધથી જેણે છૂટવું હોય તેણે પરાશ્રિત વ્યવહારને છોડવો.

નિશ્ચયનો આશ્રય શા માટે કરવો?

કેમકે નિશ્ચય તે સ્વદ્રવ્યના આશ્રયે છે, તેનો આશ્રય કરવાથી જ મુક્તિ થાય છે. માટે મોક્ષાર્થી જીવે નિશ્ચયનો આશ્રય કરવો.

## 卐 શિરપુર ( અંતરીક્ષ-પાર્શ્વનાથ ) માં પાર્શ્વનાથપ્રભુની પ્રતિષ્ઠાનો 卐

# પંચકલ્યાણક મહોત્સવ

તા. ૨ માર્ચ, મહા વદ ૯ ના રોજ પૂ. શ્રી કાનજી સ્વામી શિરપુર પધાર્યા..... ઉત્સાહભર્યું ભવ્ય સ્વાગત થયું.....પ્રાચીન જિનમંદિરે ( અંતરીક્ષ પાર્શ્વનાથવાળા મંદિરે ) દર્શન કરીને ત્યાં જૈન ધર્મધ્વજ ચડાવ્યો; અને પછી પારસનગર પ્રતિષ્ઠામંડપમાં મંગલગીત અને સ્વાગત–પ્રવચન બાદ મંગલ–પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે–ભગવાન આત્માનો સ્વભાવ સ્વયં સાક્ષાત્ મંગળરૂપ છે; તે ત્રિકાળ મંગળ છે, તેના લક્ષે વીતરાગતા પ્રગટ કરવી, ને રાગ–દ્વેષ–અજ્ઞાનનો નાશ કરવો, તે મંગળ છે. સમ્યક્ત્વાદિ પવિત્રતાને પમાડે ને મિથ્યાત્વાદિ પાપોને ગાળે તે સાચું મંગળ છે.

**वंदित्तुं सव्वसिद्धे**......સમયસારની આ પહેલી ગાથાની ટીકામાં આચાર્યદેવે સૌથી પહેલાં अथ શબ્દ મૂક્યો છે તે મંગળસૂચક છે, તે અપૂર્વ સાધકભાવની શરૂઆત સૂચવે છે. સૌથી પહેલાં સિદ્ધ ભગવાનને આત્મામાં સ્થાપીને ‘સમયસાર’ ની શરૂઆત કરીએ છીએ, એટલે કે આનંદસ્વરૂપ આત્માની દ્રષ્ટિવડે હવે સિદ્ધદશાના સાધકભાવની શરૂઆત થાય છે, તે અપૂર્વ મંગળ છે. ‘અંતરીક્ષ’ એટલે રાગનું પણ જેને અવલંબન નથી એવો નિરાલંબી ભગવાન આત્મા, તેના લક્ષે રાગ–દ્વેષ–મોહ વગરનો જે આનંદરૂપ ભાવ પ્રગટ કર્યો તે જ મારું અપૂર્વ મંગળ છે; અને જગતના બધા જીવોને પણ તે જ મંગળરૂપ છે.

–આવા અપૂર્વ મંગલપૂર્વક મહાન ઉત્સવનો પ્રારંભ થયો.

મહારાષ્ટ્રમાં આકોલાથી ૪૫ માઈલ દૂર આવેલ શિરપુર આઠેક હજારની વસ્તીવાળું જૂનું ગામ છે, બે જિનમંદિરો છે, દિગંબર જૈનોના ૫૦ જેટલા ઘર છે; ત્યાં એક નવીન ચૈત્યાલયમાં પાર્શ્વનાથપ્રભુની પ્રતિષ્ઠાનો ભવ્ય પંચકલ્યાણક મહોત્સવ મહા વદ ૯ થી ફાગણ સુદ બીજ સુધી થયો; તેની અપૂર્વ શરૂઆત ઉપરના મંગલપૂર્વક થઈ.

સ્વાગત–અધ્યક્ષ કારંજાના શેઠ ઋષભદાસજીની વતી તેમના પુત્ર નરેન્દ્રકુમારજીએ સ્વાગત–પ્રવચન કર્યું; તથા ધન્યકુમારજી–કે જેમણે તન–મન–ધનથી અંતરીક્ષ–પાર્શ્વનાથ વગેરે જિનમંદિરોની રક્ષા માટે તથા દિગંબર જૈનસમાજના મૂળભૂત હક્કો પુનઃ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કર્યો છે અને આ મહાન ઉત્સવ માટે જેમની મુખ્ય પ્રેરણા

છે, તેમણે પાર્શ્વપ્રભુની ભાવભીની સ્તુતિવડે મંગલાચરણ કર્યું.

ઉત્સવ પ્રસંગે શિરપુરના પાદરમાં પારસનગર વસી ગયું હતું; તેની શોભા અનેરી હતી.....મુંબઈ જેવા શહેરમાં જેવી મંડપરચના થાય એવી જ ભવ્ય મંડપરચના નાનકડા ગામમાં થઈ ગઈ હતી. ભગવાન પધારે ત્યાં ભવ્ય નગરી રચાઈ જાય–એ વાત નજરે દેખાતી હતી. ચારેકોર સેંકડો ડેરા–તંબુમાં હજારો જૈનો વસી ગયા હતા. મરાઠી–હિંદી–ગુજરાતી અનેક ભાષાના સાધર્મીઓનો ધાર્મિકમેળો દેખીને આનંદ થતો હતો.

શિરપુરનગરીમાં બે જિનાલયો છે. એક મંદિરને પવળી મંદિર કહેવાય છે, તેમાં પાંચસો–છસો વર્ષ પ્રાચીન દિગંબરપ્રતિમા પાર્શ્વપ્રભુની બિરાજે છે. મંદિર નીચેના ભંડકમાંથી અનેક દિગંબર મૂર્તિઓ નીકળી છે, તેમજ પ્રાચીન મંદિરના થાંભલે થાંભલે અનેક દિગંબર જિનપ્રતિમા કોતરેલી છે,–જાણે કે એ પાષાણસ્થંભ પણ પોકાર કરે છે કે અહીં વીતરાગી દિગંબર જિનબિંબો બિરાજમાન છે. મંદિરમાં બિરાજમાન પાર્શ્વપ્રભુના પ્રતિમા અતીવ મનોજ્ઞ છે. આ મંદિરની બાજુમાં એક નૂતન ચૈત્યાલય નિર્માણ થયું છે ને તેમાં પાર્શ્વપ્રભુની સ્થાપનાનો આ પંચકલ્યાણક–મહોત્સવ છે.

બીજું પ્રાચીન મંદિર–જમીન નીચે ભોંયરામાં છે, જેમાં બધી ( સોળ ) વેદીઓમાં દિગંબર જિનબિંબો બિરાજે છે, તેમજ ‘અંતરીક્ષ પાર્શ્વનાથ’ તરીકે ઓળખાતી પ્રતિમા પણ અહીં બિરાજે છે. મૂળપ્રતિમાજી દિગંબર શૈલીના, અર્ધપદ્માસને બિરાજમાન છે, ત્રણેક ફૂટના ઉત્તમ પાષાણનિર્મિત છે, હાલમાં તેમના પૂજન માટે દિગંબર અને શ્વેતાંબરના ત્રણ–ત્રણ કલાકના વારા હોય છે. દિગંબર જૈનો નિરાભરણરૂપ વીતરાગદશામાં પૂજે છે, ને શ્વેતાંબરભાઈઓ સાભરણ બનાવીને પૂજે છે. બંને અવસ્થામાં દર્શન કર્યા, નિરાભરણ દશા વખતે પ્રભુની જે સહજ વીતરાગતા દેખાય છે, –સાભરણ દશા વખતે તે ઢંકાઈ જાય છે. આ પ્રભુને દેખતાં હૃદયમાં સહેજે કાવ્યની સ્ફુરણા થઈ કે–

**અંતરીક્ષ પ્રભુ આપ જ સાચા દેખી રહ્યા નિજ આતમરામ;**
**રાગતણું પણ નહીં આલંબન, સ્વયંજ્યોતિ છો આનંદધામ.**
**રત્નત્રય આભૂષણ સાચું જડ-આભૂષણનું નહીં કામ,**
**ત્રણલોકના મુગટ સ્વયં છો.....શું છે સ્વર્ણમુગટનું કામ ?**

પાર્શ્વપ્રભુના પ્રતિષ્ઠા–મહોત્સવમાં જૈનસમાજનો ઉત્સાહ અનેરો હતો. શરૂઆતના દિવસોમાં પાંચેક હજાર માણસો એકઠા થયા હતા. મંગલ–પ્રવચન પછી તરત પારસનગરના પ્રાંગણમાં જૈન ઝંડારોપણ થયું હતું. ઝંડારોપણની ઉછામણી ભાઈશ્રી ધન્યકુમારજી મોતીરામજી બેલોકર ( ઢસાલા ) એ લીધી હતી.

બપોરે અધ્યાત્મ–પ્રવચનસપ્તાહનું ઉદ્ઘાટન કરવા જિલ્લાધ્યક્ષશ્રીએ પૂ. ગુરુદેવને પ્રાર્થના કરી હતી, અને સમયસાર ગા. ૭૨ ઉપર ગુરુદેવે પ્રવચન શરૂ કર્યા હતા. મરાઠી–ગુજરાતીભાષાઓ સમજવામાં પરસ્પર થોડી કઠિણાઈ હોવા છતાં, હજારો શ્રોતાજનો એકાગ્રચિત્તે અધ્યાત્મવાણી સાંભળતા હતા. રાત્રે શરૂના બે દિવસ સુંદર અધ્યાત્મચર્ચા ચાલતી હતી. આ પ્રતિષ્ઠા પ્રસંગે વિશેષ જ્ઞાનપ્રચાર અર્થે 'જૈનબાળપોથી' ની મરાઠી આવૃત્તિની દશહજાર નકલ આબાલ–વૃદ્ધ સૌને ભેટ આપવામાં આવી હતી,–જેનો પ્રારંભ ગુરુદેવના સુહસ્તે થયો હતો. મહોત્સવના પ્રારંભમાં પંચપરમેષ્ઠી ભગવંતોનું પૂજનવિધાન થયું હતું.

તા. ૪, મહા વદ ૧૧ ના વહેલી સવારમાં નાંદીવિધાન મંગલકુંભસ્થાપન ( માતાજીના સુહસ્તે ), તથા ઇન્દ્રપ્રતિષ્ઠા, આચાર્યઅનુજ્ઞા વગેરે વિધિ થઈ. પંચકલ્યાણક પાર્શ્વનાથપ્રભુના થયા હતા. પિતા–માતાની સ્થાપનાનું સૌભાગ્ય ખેરાગઢના શેઠશ્રી ખેમરાજ કપુરચંદ તથા તેમના ધર્મપત્ની શ્રી ઝનકારીબેનને પ્રાપ્ત થયું હતું આની ખુશાલીમાં તેમના તરફથી રૂા. ૧૧,૧૧૧/– શિરપુર પ્રતિષ્ઠાફંડમાં આપવામાં આવ્યા હતા. ૧૬ ઇન્દ્ર–ઇન્દ્રાણીની બોલીમાં પ્રથમ સૌધર્મ ઇન્દ્રની બોલીમાં રૂા. ૨૭,૦૦૧/– થયા હતા. ધન્યકુમારજીના ભાઈ મંગલચંદજી મોતીરામજી બેલોકર તથા તેમના ધર્મપત્ની સૌ. ચેલનાદેવી, તેઓ સૌધર્મ ઇન્દ્ર તથા શચી ઇન્દ્રાણી થયા હતા. પ્રવચન પછી ઇન્દ્રોનું વિશાળ સરઘસ ધામધૂમથી નગરીમાં ફરીને જિનેન્દ્રદેવના દર્શન–પૂજન કરવા આવ્યું હતું. બપોરે યાગમંડલ વિધાનદ્વારા ઇન્દ્રોએ નવ દેવતાનું ( અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જિનધર્મ, જિનવાણી, જિનાલય, જિનબિંબ–એ નવ પૂજ્ય દેવોનું ) ખાસ પૂજન કર્યું હતું.

રાત્રે, સોનગઢની આઠ કુમારિકા બહેનો દ્વારા પાર્શ્વપ્રભુની મંગલસ્તુતિપૂર્વક પંચકલ્યાણક વિધિનો પ્રારંભ થયો હતો. સૌધર્મઇન્દ્રની સભામાં તત્ત્વચર્ચા, સમ્યક્ત્વનો મહિમા, સ્ત્રીપર્યાયની હીનતા છતાં તેને જ તીર્થંકરની માતા થવાની મહત્તાનું સૌભાગ્ય, વગેરેનું વર્ણન થયું, અને છમાસ પછી ભરતક્ષેત્રમાં અવતરનારા ૨૩મા

તીર્થંકરનું તથા તેમના માતા–પિતાનું બહુમાન કરીને, આઠ કુમારિકા દેવીઓને માતાજીની તથા બાલ તીર્થંકરની સેવામાં નિયુક્ત કરી. ભિન્ન ભિન્ન પ્રદેશની છપ્પન કુમારિકા દેવીઓ માતાજીની સેવામાં ઉપસ્થિત થઈ હતી, ને પોતાને ધન્ય સમજતી હતી.

વારાણસી ( કાશી ) નગરીમાં વિશ્વસેન રાજાની ભવ્ય રાજસભા ભરાણી હતી, જેમાં કાશીના વિદ્વાનો પણ હાજર હતા. વામાદેવી માતાના ૧૬ સ્વપ્નોનું દ્રશ્ય, તથા તેના ફળરૂપે સર્વત્ર આનંદનું વાતાવરણ હતું. પંચકલ્યાણક દ્વારા પ્રભુનો મહિમા દેખીદેખીને આનંદ થતો હતો.

પ્રતિષ્ઠાવિધિ સાગરના પં. મુન્નાલાલજીએ કરાવી હતી. પૂ. શ્રી કાનજી સ્વામીના પધારવાથી ઉત્સવનું વાતાવરણ ઘણું જ પ્રભાવશીલ બન્યું હતું. રાત્રે વિદ્વાનોના ભાષણ બાદ કારંજાના શ્રાવિકાશ્રમની બહેનોએ ગર્ભકલ્યાણક સંબંધી ભાવભીનો સુંદર અભિનય કર્યો હતો. માતાજી સાથે કુમારિકા દેવીઓની ચર્ચા–વિનોદ વગેરે દ્રશ્યો ઘણી સરસ રીતે રજૂ થયા હતા, તેમાંય તત્ત્વચર્ચા તો સમ્યક્ત્વનો મહિમા બતાવીને અધ્યાત્મનો રસ જગાડનારી હતી.

બીજે દિવસે ( તા. ૫, મહા વદ તેરસે ) સવારમાં ૧૬ ઉત્તમ સ્વપ્નોનું મંગળ ફળ, દેવીઓ દ્વારા માતાની સેવા અને તત્ત્વચર્ચાના દ્રશ્યો થયા હતા. શિરપુરના આ પ્રતિષ્ઠામહોત્સવમાં ભારતના ભિન્ન ભિન્ન પ્રદેશોમાંથી પ્રતિષ્ઠા માટે કુલ ૨૩ પ્રતિમાજી આવ્યા હતા, જેની યાદી નીચે મુજબ છે–

| | | | |
|---|---|---|---|
| ( ૧ ) આદિનાથ ભગવાન | ઢસાલા ( મહારાષ્ટ્ર ) | ( ૧૩ ) શાંતિનાથ ભગવાન | બાસીમ |
| ( ૨ ) પાર્શ્વનાથ ભગવાન ( ૪। ફૂટ ) | શિરપુર | ( ૧૪ ) આદિનાથ ભગવાન ( ૪ ફૂટ ) | બાસીમ |
| ( ૩ ) પાર્શ્વનાથ ભગવાન | ઢસાલા | ( ૧૫ ) ધર્મનાથ ભગવાન | કાનાતલાવ ( સૌરાષ્ટ્ર ) |
| ( ૪ ) પાર્શ્વનાથ ભગવાન | ઢસાલા | ( ૧૬ ) શાંતિનાથ ભગવાન | ” |
| ( ૫ ) ચંદ્રપ્રભ ભગવાન | ઢસાલા | ( ૧૭ ) આદિનાથ ભગવાન | ” |
| ( ૬ ) આદિનાથ ભગવાન | ઢસાલા | ( ૧૮ ) મહાવીર ભગવાન | ” |
| ( ૭ ) પાર્શ્વનાથ ભગવાન | ઢસાલા | ( ૧૯ ) ચંદ્રપ્રભ ભગવાન | શેલુ ( માનવત ) |
| ( ૮ ) પાર્શ્વનાથ ભગવાન ( ૪ ફૂટ ) | બાસીમ | ( ૨૦ ) બાહુબલી ભગવાન | અકોલા |
| ( ૯ ) મહાવીર ભગવાન | નાગપુર | ( ૨૧ ) પાર્શ્વનાથ ભગવાન | અકોલા |
| ( ૧૦ ) મહાવીર ભગવાન | બાસીમ | ( ૨૨ ) મહાવીર ભગવાન | આનસિંગ |
| ( ૧૧ ) પાર્શ્વનાથ ભગવાન | બાસીમ | ( ૨૩ ) પાર્શ્વનાથ ભગવાન | આનસિંગ |
| ( ૧૨ ) પાર્શ્વનાથ ભગવાન | બાસીમ | | |

ઉત્સવમાં ભાગ લેવા માટે અનેક પ્રાંતના ભક્તોનો મોટો સમૂહ ઉમટી પડયો હતો. સેંકડો વર્ષોમાં નહીં થયેલો અદ્‌ભુત ઉલ્લાસભર્યો ઉત્સવ જોઈને નગરજનો આશ્ચર્યમાં પડી જતા હતા અને ઉત્સવમાં રથયાત્રા વગેરે સર્વે પ્રસંગે સત્યધર્મ પ્રત્યે... વીતરાગધર્મ પ્રત્યે...આત્મહિતના માર્ગ પ્રત્યે...સાચા દેવ–ગુરુ પ્રત્યે જે હર્ષોલ્લાસ આનંદ–ભક્તિ–બહુમાન–અર્પણતા હજાર–હજાર ભક્તોના હૈયામાં ઉછળતા હતા અને જૈનધર્મના જયજયકારથી આકાશ ગાજતું હતું–તે દ્રશ્ય તીર્થંકરના જીવંત માર્ગને જગતમાં પ્રસિદ્ધ કરતું હતું...જૈનધર્મનું આવું ગૌરવ દેખીને ધર્મોલ્લાસથી હૃદય ઊછળતું હતું. આવા ઉલ્લાસભર્યા વાતાવરણમાં સવારે પ્રવચન પછી અંતરીક્ષ પાર્શ્વનાથ પ્રભુ સમક્ષ પૂ. બેનશ્રી–બેને સમૂહપૂજન અને ભક્તિ કરાવ્યા હતા....સાધકસંતો દ્વારા થતી એ જિનોપાસના નિષ્પરિગ્રહી વીતરાગી ભગવાન જ ઝીલી શકે.....ને ભગવાન તો આવા ભક્તોના જ હોય.–ધન્ય વીતરાગમાર્ગ! ધન્ય તેના દેવ! ને ધન્ય તેના ઉપાસકો.–એમ અદ્‌ભુત ભાવો ઉલ્લસતા હતા પારસપ્રભુના ભક્તિ–પૂજનમાં.

સવારના પ્રવચનોમાં સમ્યક્ત્વના વિષયનું વર્ણન, અને બપોરના પ્રવચનમાં દેવપૂજા, ગુરુભક્તિ, દાન વગેરે દ્વારા દેવ–ગુરુના અપાર મહિમાનું સ્વરૂપ, તથા દેવ –ગુરુનું વીતરાગી સ્વરૂપ સમજાવતા હતા. બપોરે ઘટયાત્રા નીકળી હતી. રાત્રે કારંજા બાલમંદિરના નાના બાળકોએ (શિક્ષિકાબેનોની ઉત્તમ દોરવણીપૂર્વક) ‘નમસ્કાર મંત્રનો મહિમા’ અથવા ‘અમરકુમારની અમર કહાની’ નામનો અભિનય કર્યો હતો, તે ખૂબ જ પ્રશંસનીય, ધર્મપ્રેરક ને વૈરાગ્યપ્રેરક હતો. બાલમંદિરના નાનકડા બાળકો પણ, જો તેમને ધાર્મિક સંસ્કારો આપવામાં આવે તો કેટલું સુંદર કાર્ય કરી શકે છે ને ધર્મપ્રભાવનામાં કેટલો મોટો ફાળો આપી શકે છે,–તે આ દ્રશ્યોમાં નજરે દેખાતું હતું. નાના નાના બાળકો દ્વારા રજુ થતી ધાર્મિકભાવનાઓ દેખીને પંદરહજાર માણસોની સભા વાહવાહ પોકારી ઊઠી હતી. ભારતભરની જૈન સંસ્થાઓ લાખો બાળકોમાં ધાર્મિકસંસ્કારોનું સીંચન કરવા કોઈપણ જાતના પ્રતિબંધ વગર મુક્તહૈયે કટિબદ્ધ બને, તો જૈનધર્મની સૌથી મહાન સેવા થાય. એક મંદિર કે એક મૂર્તિ માટે આપણે જેટલો પ્રયત્ન કરીએ છીએ તેનાથી હજારગણો પ્રયત્ન આપણા લાખો બાળકોને ધાર્મિકસંસ્કાર આપવા માટે કરવાની જરૂર છે. આ બાબતમાં કારંજાના કંકુબાઈ શ્રાવિકાશ્રમને અને અભિનય કરનારા નાનકડા બાલુડાંઓને ધન્યવાદ! (‘અમરકુમારની અમર કહાની’ નો ટૂંકસાર આગામી અંકમાં આપીશું.)

મહા વદ ૧૪ (તા. ૬) ના રોજ વિશ્વસેન મહારાજાના રાજદરબારમાં તેવીસમા તીર્થંકર પાર્શ્વનાથપ્રભુના મંગલ જન્મની વધાઈ આવી પહોંચી. ચારેકોર આનંદ આનંદ છવાઈ ગયો...ઘંટનાદ થયા....વાજાં વાગ્યા...હજારો લોકોનાં ટોળા એ બનારસી નગરી તરફ પ્રભુજીનો જન્મોત્સવ જોવા દોડયા...દેવીઓ મંગલ–ગીત ગાતી ગાતી હર્ષાનંદથી નાચવા લાગી...ઇન્દ્રોનુ ઇન્દ્રાસન કંપી ઊઠયું...અવધિજ્ઞાનથી તીર્થંકરજન્મ જાણીને ઇન્દ્રે આનંદ પૂર્વક સિંહાસનથી ઊતરીને પ્રભુને નમસ્કાર કર્યા...એ નમસ્કાર દ્વારા પ્રસિદ્ધ કર્યું કે જગતમાં પુણ્યફળરૂપ આ ઇન્દ્રપદનો મહિમા અમને નથી પણ ધર્મતીર્થના પ્રણેતા એવા તીર્થંકરનો અપાર મહિમા છે, એટલે હે જીવો! તમે પુણ્ય કરતાં વીતરાગધર્મને શ્રેષ્ઠ જાણીને તેની ભક્તિથી ઉપાસના કરો.

તરત ઐરાવત ઉપર ઇન્દ્રની સવારી કાશી નગરીમાં આવી પહોંચી; પ્રદક્ષિણા કરી, ને શચીદેવીએ માતાજી પાસે જઈને બાલતીર્થંકરને તેડયા...અહા! પ્રભુનો સ્પર્શ થતાં જાણે મોક્ષનો જ સ્પર્શ થયો...એવા આનંદથી તે ઇન્દ્રાણી પણ એકાવતારી બની ગઈ. પ્રભુને ગોદમાં લઈને ઇન્દ્રને આપ્યા, ઇન્દ્ર તો આશ્ચર્યથી જોઈ જ રહ્યા, ફરી ફરીને જોઈ જ રહ્યા; એ ક્ષાયકસમ્યગ્દ્રષ્ટિ બાળકને જોતાં એનાં હજાર નેત્રો તૃપ્ત તૃપ્ત થયાં. અને ઐરાવત ઉપર બિરાજમાન કરીને પ્રભુની સવારી મેરુપર્વત તરફ ચાલી...સવારીનો શરૂનો ભાગ જ્યારે મેરુ ઉપર પહોંચી ગયો ત્યારે તેનો છેડો હજી મંડપ પાસે હતો. આખીયે શિરપુરનગરી આ જન્માભિષેકની સવારીથી છવાઈ ગઈ હતી. આશ્ચર્યકારી હતી એ પ્રભુસવારી, અને અદ્ભુત હતો ભક્તોનો ઉલ્લાસ! પંદર હજાર ભક્તોની વણઝાર વિધવિધ ભાષામાં સત્યધર્મના એટલે કે દિગંબર જૈનધર્મના જયઘોષ ગજાવતી હતી,–"પારસપ્રભુના પગલે ચાલવા...ભક્તો સૌ તૈયાર છે; જિનશાસનની રક્ષા કરવા... શિર દેવા તૈયાર છે"–એવા ધર્મપ્રેમથી નગરી ગાજતી હતી.

નુતન જિનાલય પાસે જ મેરુપર્વતની રચના હતી, ત્યાં આવીને ઇન્દ્રોએ ત્રણ પ્રદક્ષિણા કરી. થોડીવારમાં આનંદભર્યા કોલાહલ વચ્ચે પારસનાથ તીર્થંકરનો જન્માભિષેક શરૂ થયો. અદ્ભુત હતું એ દ્રશ્ય! અદભુત હતો એ જિનેન્દ્રમહિમા! ગામના ઘણા લોકો સમજતા નહીં હોય કે આ શું થાય છે?–પણ ધર્મનું આ કાંઈક સારું કામ થાય છે એવી ભાવભીની લાગણીથી તેઓ હોંશેહોંશે દર્શન કરતા હતા. શ્રી કાનજી સ્વામીએ પણ જિનેન્દ્ર અભિષેક કર્યો હતો; એ વખતે જાણે ઉત્તમ ભૂત–ભાવિનું મિલન થતું હોય–એવું દ્રશ્ય હતું. આસપાસના ગામોની જનતાએ ઉલ્લાસથી સવા હજાર જેટલા કળશો

લખાવ્યા હતા; એકલા જન્માભિષેકમાં જ ૭૫૦૦૦ (પોણો લાખ) જેટલી આવક થઈ હતી. ચારેકોર આનંદ–ભક્તિ–નૃત્ય અને જયજયકારના મંગલ કોલાહલ વચ્ચે જન્માભિષેક પૂરો થયો ને ઇન્દ્રાણીએ દિવ્ય વસ્ત્રાભરણથી એ બાલતીર્થંકરને શણગાર્યા; જિનેન્દ્ર પ્રભુની સવારી મેરુથી પાછી કાશી નગરીમાં આવી પહોંચી. માતાજીની ગોદમાં તેમના પુત્રને સોંપીને ઇન્દ્ર–ઇન્દ્રાણીએ આનંદમય નૃત્ય કર્યું, સાથે હજારો ભક્તો આનંદથી નાચી ઊઠયા.

આ ઉત્સવ પ્રસંગે કારંજાના ઋષભદાસજી શેઠનો પૌત્ર આવેલ, જેનું નામ પ્રદીપ અને ઉંમર વર્ષ નવ, તે અનેક વિષયોમાં તીક્ષ્ણબુદ્ધિ ધરાવે છે, કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ દોઢ દોઢ કલાક સુધી પ્રવચન આપી શકે છે, ધાર્મિક પ્રશ્નોના પણ સારા જવાબ આપે છે. ગુરુદેવ સમક્ષ લગભગ અડધી કલાક તેને વાતચીત થઈ. પંડિતો પણ પ્રસન્ન થયા. વિશેષતા એ છે કે આ બધું તેને કોઈના શીખવ્યા વગર આવડે છે. તેને એક પ્રશ્ન એવો પૂછયો કે ભગવાનની પૂજા કરવી તે શું છે? તો કહે કે તે શુભ છે. પછી પૂછયું– પુણ્ય અને ધર્મમાં શું ફેર? તો કહે કે–શુભ તે પુણ્ય છે, અશુભ તે પાપ છે; પણ મોક્ષમેં જાનેકે લિયે ઉસકા કોઈ ઉપયોગ નહીં.–આવા નાનકડા સંસ્કારી બાળકો પણ જે પ્રેમથી જૈનધર્મને ઉપાસી રહ્યા છે તે એક ગૌરવની વાત છે.

બપોરના પ્રવચન પછી પારસકુંવરનું પારણાઝૂલન થયું હતું....સમ્યક્ત્વના પારણીયે ઝુલી રહેલા એ નાનકડા પ્રભુને માતાજી પરમ હેતથી હીંચોળતા હતા ને હાલરડું ગાતા હતા. રાત્રે પારસકુમારને રાજતિલક કરીને રાજદરબાર ભરાયો હતો.

પારસપ્રભુની પ્રતિષ્ઠાનોઆ મહોત્સવ ખૂબ જ આનંદોલ્લાસથી ઉજવાતો હતો. શિરપુરના આંગણે આવો મંગલ–ઉત્સવ દેખીને જૈનજનતા તો પ્રસન્ન થાય જ, નગરની સમસ્ત જનતા પણ હર્ષવિભોર બની ગઈ હતી. નગરના મુખ્ય આગેવાનોએ સભામાં આવીને ગુરુદેવનો સત્કાર કર્યો હતો અને એવી ભાવના વ્યક્ત કરી હતી કે 'મંદિર ઔર મૂર્તિ જો કિ દિગંબરોંકા હૈ વહ ઉનકો મિલ જાના ચાહિએ. તભી શાંતિ હો સકતી હૈ કિ–જિસકી જો ચીજ હૈ વહ ઉસકો મિલ જાય.' અદ્‌ભુત ઉત્સાહ દેખીને એક ભાઈએ તો કહ્યું કે ઐસી ભક્તિ દેખકર પારસપ્રભુઓ ફિર અપને અસલી દિગંબરરૂપકો ધારણ કરના પડેગા. જો ઉપરનો બનાવટી લેપ ઉખડી જાય તો પ્રભુની પ્રતિમા સ્વયં સાક્ષી આપીને સાબિત કરી આપશે કે મૈ દિગંબરી હૂં; ઔર રેતી અને ગોબરકી નહીં અપિતુ પાષાણકી બની હૂઈ હૂં. (અંતરીક્ષ પાર્શ્વનાથનું જે મંદિર છે તેમાં બધી જ વેદીઓમાં

દિગંબર પ્રતિમાઓ બિરાજે છે; તેમાં કોઈ મતભેદ નથી; માત્ર એક પ્રતિમા સંબંધી મતભેદ છે–જે પ્રતિમા માટે શ્વેતાંબરભાઈઓ કહે છે કે તે રેતી અને છાણની બનેલી છે, ત્યારે દિગંબરભાઈઓ કહે છે કે તે પાષાણની જ છે. ઉપરનો બનાવટી લેપ દૂર કરવામાં આવે તો ભગવાનનું અસલી સ્વરૂપ તરત સ્પષ્ટ થઈ જાય અને ઝગડાનો નીકાલ આવી જાય. વ્યવહારકુશળ જૈનસમાજને માટે આટલી સુગમ વાત પણ કેમ દુર્ગમ બની રહી છે તે ખેદની વાત છે! અંતરીક્ષ–પાર્શ્વનાથ તરીકે ઓળખાતી આ પ્રતિમા બાબતમાં બીજો એક ખુલાસો એ છે કે, ભૂતકાળમાં ગમે તેમ હો પણ હાલમાં આ પ્રતિમા જમીનથી ઊંચે અધરપધર નથી બિરાજતી, જમણા હાથ તરફનો ભાગ તેમજ ડાબી તરફ પાછળનો થોડોક ભાગ એમ બે ઠેકાણેથી તે જમીનને સ્પર્શેલી છે, બાકીના ભાગમાં પોલાણને લીધે તે જમીનને સ્પર્શતી નથી. બીજું મંદિર જે પવળી મંદિર તરીકે ઓળખાય છે તે પાંચસો વર્ષથી વધુ પ્રાચીન છે. તેના થાંભલે થાંભલે પ્રાચીન દિગંબરમૂર્તિઓ કોતરેલી છે, જેમાં બિરાજમાન બધી મૂર્તિઓ દિગંબર છે, જેના ખોદકામમાંથી નીકળેલી બધી મૂર્તિઓ (કેટલીક મોટી–મોટી ખંડિત મૂર્તિ છે તે પણ) દિગંબરી જ છે, અને પાંચસો વર્ષ પ્રાચીન શિલાલેખમાં**શ્રી કુંદકુંદ નમઃ** એવો સ્પષ્ટ ઉલ્લેખ છે,–આવું સ્પષ્ટ નજરે દેખવા છતાં શ્વેતાંબરભાઈઓ તે મંદિર ઉપર કેમ દાવો કરતા હશે! તે ન સમજાય તેવી વાત છે. રે કળિકાળ! સો વર્ષનો અહીંનો ઈતિહાસ જાણનારા ને નજરે જોનારા નગરજનો (જેમાં સો વર્ષ જેવડા વયોવૃદ્ધ પણ છે–) પણ સ્પષ્ટ કહે છે કે મૂળ મંદિર દિગંબરોનું જ છે. અહીં પહેલેથી દિગંબર જૈનો જ રહે છે. શ્વેતાંબરભાઈઓ તો અહીં હતા જ નહીં, તેઓ તો પાછળથી આવ્યા છે.

વિશેષ ઘણો લાંબો ઈતિહાસ છે, પણ તેમાં આપણે નહીં રોકાઈએ....કેમ કે આપણે તો પારસકુમારની રાજસભામાં જવાનું છે.

દેખો...યહ પારસપ્રભુકા દરબાર લગ રહા હૈ. કિતના મનોહર હૈ પ્રભુકા દરબાર! દેશોદેશના રાજાઓ આવીને બહુમાનથી ભેટ ધરે છે. અંતે જ્યારે અયોધ્યાનગરીનો દૂત આવે છે ને અયોધ્યાનગરીના વૈભવનું, ત્યાં થયેલ ઋષભદેવ વગેરે પૂર્વ તીર્થંકરોનું વર્ણન કરે છે ત્યારે તે સાંભળીને પારસકુમાર વૈરાગ્ય પામે છે.

બીજે દિવસે (મહા વદ અમાસની) સવારમાં વૈરાગી રાજકુમાર પારસનાથના વૈરાગ્યની અનુમોદના કરવા લોકાંતિક દેવો આવી પહોંચ્યા; (લોકાંતિક દેવો પંચકલ્યાણક વગેરેમાં ક્યાંય નથી આવતા, માત્ર ભગવાનની દીક્ષાપ્રસંગે જ આવે છે.)

તેમણે આવીને પ્રભુની સ્તુતિ કરી. ત્યારબાદ ઇન્દ્રરાજ પાલખી લઈને આવી પહોંચ્યા; ને એક સુંદર વનમાં પ્રભુની વૈરાગ્યસવારી આવી પહોંચી. એ મનોહર વન પ્રભુની દીક્ષાથી પાવન થઈને વધારે મનોહર બન્યું.

દીક્ષા લેતી વખતે સ્વયં ભગવાન સ્વહસ્તે જ કેશલોચ કરે છે. પણ મુનિદશાના પરમ બહુમાન પૂર્વક કાનજી સ્વામીએ કેશલોચ વિધિમાં ભાગ લઈને પોતાની મુનિદશાની ભાવનાને પૂષ્ટ કરી. ભગવાન તો સ્વયં કેશલુંચન કરીને દિગંબર મુનિ થયા, ને અમે પણ કેશલોચ કરીને દિગંબર મુનિદશા ક્યારે ધારણ કરીએ! એમ પરમ ભક્તિ અને બહુમાન વ્યક્ત કર્યું. પછી વૈરાગ્ય ભરેલા વનના વાતાવરણમાં અદ્‌ભુત શાંતરસનો ધોધ વહેવડાવતાં પ્રવચનમાં કાનજી સ્વામીએ કહ્યું–

બધાય તીર્થંકર ભગવંતો દીક્ષા લેતાં પહેલા બાર વૈરાગ્યભાવના ભાવે છે, આત્માના ભાનપૂર્વક બધાએ તે ભાવના ભાવવા જેવી છે કે–અહો મુનિદશાનો અપૂર્વ અવસર ક્યારે આવે?

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો...
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો!

સિદ્ધભગવંતો અને તીર્થંકર ભગવંતો જેવા મહાપુરુષોના પંથે જઈએ, નગ્ન દિગંબર મુનિદશા ધારણ કરીએ, રાગ–દ્વેષ–મોહનાં ને બાહ્ય પરિગ્રહના સર્વે બંધન અત્યંતપણે છેદીને, મુનિ થઈને મોક્ષના પંથે ક્યારે વિચરીએ! એવી મુનિદશાનો ધન્ય અવસર ક્યારે આવે! એમ ધર્મી ભાવના ભાવે છે; અને આજે પારસનાથ ભગવાને એની મુનિદશા હમણાં ધારણ કરી.

મુનિદશા તો મહા વીતરાગ છે. માત્ર એક શરીર સિવાય બહારમાં બીજો કોઈ સંબંધ નથી, શરીર પણ વસ્ત્રરહિત છે. અંતરમાં રાગ–દ્વેષ વગરના આત્માનું ભાન છે, બહારમાં દિગંબર દશા છે. ગમે તેવા પરિષહ–ઉપસર્ગમાં પણ જ્યાં રાગ–દ્વેષ થતા નથી, પોતાના સ્વરૂપને સાધવામાં જ મશગુલ છે. અહો, આવી મુનિદશા તો જગતમાં પૂજ્ય છે.

દશ–પંદર હજાર શ્રોતાજનો સ્તબ્ધ બનીને વૈરાગ્યભાવનામાં ઝૂલતા હતા; વનના શીતળ શાંત વાતાવરણ વચ્ચે વીતરાગી આત્માની ઉત્તમ ભાવનાને મલાવતા કાનજી સ્વામી કહે છે કે અહો, એ મુનિદશા! જ્યાં સર્વાર્થસિદ્ધિ દેવની રિદ્ધિ હો કે રજકણના

ઢગલા હો-બંને પ્રત્યે સમભાવ છે; જ્યાં એવો સમભાવ છે કે કોઈ શત્રુ નથી, કોઈ મિત્ર નથી. એવી ચૈતન્ય લીનતા છે કે-

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભ જો,
अपूर्व अवसर ऐसा हमको कब आयेगा?

આવી ભાવના તો ભગવાન ભાવતા હતા, ને પછી આજે સાક્ષાત્ એવી મુનિદશા ભગવાને પ્રગટ કરી. દીક્ષા લઈને ધ્યાનમાં લીન થયા કે તરત અપ્રમત્તદશા ને ચોથું જ્ઞાન ભગવાનને પ્રગટયું.

એક તરફ ચાર જ્ઞાનધારી પારસમુનિરાજ નિજ ધ્યાનમાં બિરાજી રહ્યા છે; બીજી તરફ કાનજી સ્વામી પરમ ભક્તિથી મુનિદશાનો મહિમા સમજાવી રહ્યા છે, પંદર હજાર શ્રોતાજનો મુગ્ધ બનીને વૈરાગ્યભાવનાને અનુમોદી રહ્યા છે; સભામાં એક બાજુ એક મુનિરાજ, એક અર્જિકા, હજારો શ્રાવક-શ્રાવિકાઓ, તેમજ ઇન્દ્ર-ઇન્દ્રાણીઓ અને ગજેન્દ્ર પણ છે. મહારાષ્ટ્રના વિધાનસભાના સ્પીકર શ્રી ભારદે પણ આ પ્રસંગે આવી પહોંચ્યા હતા અને બહુમાનપૂર્વક કહ્યું હતું કે દુનિયામાં બીજા દેશો ભલે મોટા ગણાતા હોય, પણ સાંસ્કૃતિક દ્રષ્ટિસે-આધ્યાત્મિક દ્રષ્ટિસે ભારત સૌથી મહાન છે.

પૂજ્ય ગુરુદેવે મંગલપ્રવચનરૂપે કહ્યું કે-

દેહથી ભિન્ન આત્મા અંદર ચૈતન્યમૂર્તિ છે. તેનું ભાન કરવું તે મંગળ છે. જેમ શ્રીફળનો ગોળો છોલાં-કાચલી અને છાલથી જુદો ધોળો મીઠો છે, તેમ આત્મા ચૈતન્યનો આનંદગોળો છે તે શરીરથી-કર્મથી ને રાગથી જુદો છે, તેની શ્રદ્ધા ને અનુભવ કરવો તે મંગળ છે.

અહીં લોકો પોતાની વ્યવસ્થામાં રોકાયેલા હતા ત્યારે પારસમુનિરાજ તો વનવિહાર કરી ગયા...ધન્ય એ લોકનિરપેક્ષ મુનિરાજ! ધન્ય એમની વીતરાગતા! નમસ્કાર હો એ દિગંબર મુનિરાજ ગુરુદેવના ચરણોમાં... 'नमो लोए सव्व साहूणं'

બપોરે કારંજાના નાનકડા બાળકોએ ફરીને 'અમરકુમારની અમર કહાની' પૂ. કાનજી સ્વામીની ઉપસ્થિતિમાં રજુ કરી...નાના બાળકોના આ અભિનયથી અને સંસ્કારથી સૌએ પ્રસન્નતા વ્યક્ત કરી.

મહા વદ અમાસની સાંજે નુતન જિનાલયમાં વેદી–કળશ–ધ્વજ શુદ્ધિ થઈ હતી. રાત્રે ૧૦ ચિત્રોના પ્રદર્શન દ્વારા પાર્શ્વનાથ પ્રભુના દશ ભવનું વર્ણન સમજાવ્યું હતું. (પાર્શ્વપ્રભુના દશ ભવનું પુસ્તક–કે જે અંતરીક્ષ પાર્શ્વનાથ પ્રભુની સન્મુખ લખવાનું પ્રારંભ કરેલ છે તે છપાઈને થોડા વખતમાં પ્રસિદ્ધ થશે.)

ફાગણ સુદ એકમની સવારે ભક્તિપૂર્વક મુનિરાજનું સમૂહપૂજન થયું. પ્રવચન પછી પાર્શ્વમુનિરાજ આહાર માટે પધાર્યા ને નવધાભક્તિપૂર્વક આહારદાનનો ભવ્ય પ્રસંગ બન્યો. આહારદાનનો લાભ કારંજાના શેઠશ્રી ઋષભદાસજી શાહૂ તથા સનાવદવાળા શેઠશ્રી કુંવરચંદજીને મળ્યો હતો; હજારો ભક્તોએ અનુમોદના કરી હતી; અને પછી મુનિરાજના પગલે પગલે તેમની સાથે જઈને શ્રાવકોએ પરમ ભક્તિ કરી હતી. આવી અદ્‌ભુત મુનિભક્તિ હૃદયમાં પ્રસન્નતા ઉપજાવતી હતી.

બપોરે સાડાબાર વાગે એક ભવ્ય દિગંબર જૈન ધર્મશાળાના નિર્માણ માટેનું શિલાસ્થાપન જૈન સમાજના આગેવાન શેઠશ્રી શાંતિપ્રસાદજી સાહુના સુહસ્તે થયું હતું. ગુરુદેવ પણ ઉપસ્થિત હતા. શેઠશ્રી તરફથી રૂા. પચીસહજાર ને એક ધર્મશાળા માટેના ફંડમાં જાહેર કરવામાં આવ્યા હતા; તેમજ મુંબઈવાળા શેઠ કાન્તિભાઈ તરફથી રૂા. પચીસ હજાર ને એક જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પૂ. કાનજી સ્વામીએ જિનભક્તિપૂર્વક ભગવાનશ્રી પાર્શ્વનાથ વગેરે અનેક જિનબિંબો ઉપર મંત્રાક્ષર લખીને અંકન્યાસ કર્યું હતું. પછી કેવળજ્ઞાનકલ્યાણક તથા સમવસરણ–રચના થઈ હતી. પ્રવચન બાદ સાહૂ શાંતિપ્રસાદજી શેઠની અધ્યક્ષતામાં તીર્થક્ષેત્ર કમિટિની સભા થઈ હતી; તેમાં આપણા તીર્થોની રક્ષા માટે, ઉદ્ધાર માટે અને ઉન્નતિ માટે આખા જૈન સમાજે જાગૃતિપૂર્વક ઘણું કરવાનું છે તેનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. ઓલ ઈન્ડિયા રેડિયોની નાગપુર શાખાના પ્રતિનિધિઓ આ ઉત્સવનો તથા પ્રવચનનો અહેવાલ લેવા માટે આવ્યા હતા.

ફાગણ સુદ બીજઃ સવારમાં ભગવાન પારસનાથપ્રભુ સમ્મેદશિખર પરથી નિર્વાણ પામે છે ને ઇન્દ્રો નિર્વાણકલ્યાણક ઊજવે છે તે દ્રશ્યો થયા હતા. સવાદશ વાગ્યા પછી તરત જિનાલયોમાં જિનબિંબોનું સ્થાપન થયું હતું. સોનગઢમાં સીમંધર પ્રભુની પ્રતિષ્ઠાનો દિવસ પણ આજે જ હતો; ને સોનગઢના સંત આજે અહીં જિનેન્દ્ર–પ્રતિષ્ઠા કરી રહ્યા છે. હજારો ભક્તોના ઉલ્લાસ વચ્ચે ગુરુકહાને સુહસ્તે પારસ પરમાત્માની પ્રતિષ્ઠા કરી, કમળ ઉપર પાર્શ્વનાથ ભગવાન અત્યંત વીતરાગભાવ

વરસાવતા શોભી રહ્યા હતા. મૌનપણે પણ એ મૂર્તિ જગતને કહેતી હતી કે ભગવાન હોય તો આવા હોય. મૂળ પાર્શ્વનાથભગવાન ઉપરાંત બીજા પણ કેટલાય ભગવંતોની પણ સ્થાપના થઈ હતી. ૫વળી મંદિરના ભંડકમાંથી નીકળેલા પ્રાચીન દિગંબર પ્રતિમાઓની પણ તે મંદિરમાં પુનઃ સ્થાપના થઈ હતી. કુંદકુંદસ્વામી, અકલંકસ્વામી વગેરે દિગંબર ગુરુઓના ચરણકમળની પણ સ્થાપના થઈ હતી. આવો આનંદકારી ઉત્સવ દેખીને દરેક જૈનોનું હૈયું પુલકિત બન્યું હતું. સેંકડો વર્ષે શિરપુરમાં આવો ભવ્ય ઉત્સવ ઉજવાયો ને પારસપ્રભુનો મહિમા સર્વત્ર વ્યાપી ગયો. ભારતના અનેક પ્રાંતમાંથી દિગંબર જૈનોએ આવીને આ ઉત્સવમાં આનંદથી ભાગ લીધો હતો ને "ભારતભરના જૈનો એક છીએ' એવું સ્પષ્ટ વાતાવરણ ખડું કરી દીધું હતું. અંતરીક્ષ પાર્શ્વનાથ પ્રભુના દર્શન માટે જે ભીડ જામતી હતી, ને પ્રભુના દર્શન પછી જે ભક્તિ થતી હતી તેનાં દ્રશ્યો અદ્ભુત હતા. ઉત્સવ પ્રસંગે ચારેક લાખ રૂા. જેટલી આવક થઈ હતી તથા ખર્ચ દોઢેક લાખ રૂા. થયું હતું. ગામની જૈન–જૈનેતર જનતાએ તેમજ બાસીમ–કારંજા વગેરેના જૈનસમાજે ખૂબજ પ્રેમથી સહકાર આપીને ઉત્સવને શોભાવ્યો હતો. સાથે એક વાતનો ઉલ્લેખ કરવો પણ જરૂરી છે કે ઉત્સવ દરમિયાન શ્વેતાંબર ભાઈઓએ પણ કોઈ જાતની હિલચાલ વગર શાંતિ જાળવી હતી, તે પ્રશંસનીય છે. જૈનસમાજમાં સદાય સર્વત્ર આવું શાંત વાતાવરણ જળવાઈ રહે તો કેવું સારૂં! આનંદથી ઉત્સવ પૂરો થતાં બપોરે શાંતિયજ્ઞ અને પ્રવચન પછી જિનેન્દ્ર ભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી હતી. અને પારસ પ્રભુના જયજયકાર પૂર્વક પૂ. કાનજીસ્વામીએ શિરપુરથી જલગાંવ તરફ પ્રસ્થાન કર્યું હતું.

રાત્રે ચીખલી ગામે રોકાયા હતા. અને ત્યાં જિનમંદિરમાં દર્શન કરીને બીજે દિવસે ફાગણ સુદ ત્રીજની સવારમાં પૂ. ગુરુદેવ જલગાંવ શહેર પધાર્યા.

## જલગાંવ શહેરમાં જિનબિંબ વેદીપ્રતિષ્ઠા-મહોત્સવ

ગુરુદેવ જલગાંવ પધારતાં આનંદપૂર્વક સ્વાગત કર્યું. અહીં જલગાંવમાં શિખરબંધ નુતન જિનમંદિર લગભગ એક લાખ રૂા. ના ખર્ચે તૈયાર થયું છે, તેમાં જિનેન્દ્રભગવંતોની વેદીપ્રતિષ્ઠાનો ઉત્સવ શરૂ થયો. બપોરના પ્રવચન પછી શેઠશ્રી વૃજલાલ મગનલાલના સુહસ્તે જૈનઝંડારોપણ થયું; તથા કેશવલાલ મહીજીભાઈના સુપુત્રો આનંદીભાઈ વગેરેએ પ્રતિષ્ઠામંડપમાં જિનેન્દ્રભગવાનને બિરાજમાન કર્યા. પ્રભુજીની મંગલછાયામાં પ્રતિષ્ઠા–મહોત્સવ ચાલી રહ્યો છે, તેના વિગતવાર સમાચાર આવતા અંકમાં વાંચશોજી. જયજિનેન્દ્ર.

(જલગાંવ, ફા. સુદ ત્રીજ: બ્ર. હ. જૈન)

# શિરપુર-પ્રવચનમાં અરિહંતદેવની ઉપાસનાનું સ્વરૂપ

શિરપુરમાં પંચકલ્યાણક મહોત્સવ પ્રસંગે સવારે સમયસાર તથા બપોરે ઉપાસકસંસ્કાર (પદ્મનંદી પચ્ચીસી) ઉપર પ્રવચનો થતા હતા; તેમાં સમ્યગ્દર્શન શું અને શ્રાવકની ભૂમિકામાં સમ્યક્ત્વસહિત કેવા ભાવો હોય, વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્ર તરફ પૂજા–બહુમાન વગેરે કેવા ભાવો હોય તેનું સુંદર વિવેચન થતું હતું; તેનો થોડો ભાગ અહીં આપ્યો છે.

સમ્યગ્દર્શન અને આત્મભાન સહિત સ્વરૂપમાં લીન થઈને જેને ચારિત્રદશા થઈ તે મુનિદશાની તો શી વાત! એ તો સાક્ષાત્ ધર્મ છે. એવી મુનિદશામાં તો વીતરાગતા એટલી ઉગ્ર થઈ ગઈ છે કે વસ્ત્રધારણ કરવા જેટલો રાગ ત્યાં રહ્યો નથી. આમ છતાં, મુનિદશામાં થોડા પણ વસ્ત્ર અંગીકાર કરવાનું જે માને તેને વીતરાગી મુનિદશાની ખબર નથી; મુનિની દશામાં સંવર–નિર્જરા કેટલા તીવ્ર છે, આસ્રવ–બંધ કેટલા મંદ થઈ ગયા છે, તેની તેને ખબર નથી; એટલે બધા તત્ત્વોમાં તેની ભૂલ છે.

ચારિત્રવંત મુનિદશા તે તો પરમેષ્ઠી પદ છે, જગતપૂજ્ય છે. હવે આવી મુનિદશા પહેલાં ધર્મી શ્રાવક કેવા હોય અને તે શ્રાવકની ભૂમિકામાં દેવ–ગુરુ–શાસ્ત્ર વગેરે સંબંધી શુભભાવ કેવો હોય? તેનું વર્ણન આ ઉપાસક સંસ્કાર અધિકારમાં છે.

ધર્મનો પ્રેમી શ્રાવક ઉત્તમ જિનમંદિર બંધાવે છે અને સર્વજ્ઞ–જિનદેવ અરિહંત પરમાત્માની પ્રતિમા તેમાં બિરાજમાન કરે છે. ભગવાનને ઓળખ્યા છે, એટલે વીતરાગતાને અનુરૂપ તેમની પ્રતિકૃતિ સ્થાપે છે. ભગવાનની પ્રતિમા પણ ભગવાન જેવી વીતરાગ હોય, તેને વસ્ત્ર–આભૂષણ ન હોય. દિનેદિને પહેલાં પરમાત્માને યાદ કરીને તેમના દર્શન–પૂજન કરે, એ શ્રાવકનું કર્તવ્ય છે. વીતરાગતા જેને વહાલી છે તે સૌથી પહેલાં વીતરાગ પરમાત્માને યાદ કરીને પછી બીજા કામમાં જોડાય છે.

સમન્તભદ્રસ્વામી જેવા મુનિરાજ પણ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે–હે પ્રભો! મને આપની સ્તુતિ કરવાનું વ્યસન થઈ ગયું છે. નિતનિત નવા નવા ભાવથી સર્વજ્ઞ–વીતરાગની સ્તુતિ કરવાનું મને વ્યસન છે. ધર્મીને સર્વજ્ઞ પરમાત્માનો પ્રેમ જાગ્યો તે કદી છૂટતો નથી.

હે સર્વજ્ઞ પરમાત્મા !

અભવ્યજીવ–મિથ્યાદ્રષ્ટિજીવ આપને ભજી શકતા નથી, કેમકે એને સર્વજ્ઞ–સ્વરૂપની ખબર જ નથી, એ તો રાગમાં તન્મય છે. ધર્મી જીવને ઓળખાણપૂર્વક ભગવાનની ભક્તિ–પૂજાનો શુભભાવ આવે છે, પણ તે રાગ તેને અતન્મયપણે આવે છે, રાગમાં તેને તન્મયબુદ્ધિ નથી, તન્મયબુદ્ધિ તો પોતાના શુદ્ધસ્વરૂપમાં જ છે. પોતાના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાય સિવાય કોઈ પરભાવમાં ધર્મી જીવ તન્મયપણું માનતા નથી.

જિનપદ એવું નિજપદ, એવા પૂર્ણ સ્વરૂપનું ભાન તે જિનદેવની પરમાર્થપૂજા છે, અને એવા નિશ્ચયપૂર્વક અરિહંત પરમાત્માની ભક્તિનો શુભભાવ તે વ્યવહારપૂજા છે. પણ કુદેવ કુગુરુ કુશાસ્ત્રના સેવનનો તો વિકલ્પ પણ ધર્મીને આવે નહીં. જોકે સાચા વીતરાગી દેવગુરુની પૂજા ભક્તિનો ભાવ પણ શુભરાગ છે, તે ધર્મ નથી, તેમ તે રાગ તે મિથ્યાત્વ પણ નથી; ધર્મીને તેનો ભાવ આવે છે, પણ કુદેવાદિનું સેવન તે તો મિથ્યાત્વ છે, તેનું સેવન તો શ્રાવકને હોય જ નહીં.

અંતરમાં નિર્વિકલ્પ અનુભવ દ્વારા પોતાના નિજપરમાત્માનો આદર કરે છે, ને બહારમાં શુભરાગ વખતે જિનદેવની પૂજા વગેરે કરે છે, જિનમંદિરો બંધાવે છે, નિર્ગ્રંથગુરુઓને પૂજે છે. મુનિ ન મળે તો ?–તો તેમનું સ્મરણ કરીને ભાવના કરવી; પણ વિપરીતરૂપે મુનિદશા ન માનવી. મુનિદશા મોક્ષની સાક્ષાત્ સાધક, તેનું સ્વરૂપ વિપરીત ન મનાય. સાચા ગુરુનું એટલે નિર્ગ્રંથ મુનિનું સ્વરૂપ બરાબર ઓળખીને, તેનાથી વિપરીતની શ્રદ્ધા શ્રાવક છોડે છે. ભલે મુનિ હાજર ન દેખાય પણ તેના સ્વરૂપની શ્રદ્ધા તો બરાબર કરવી જોઈએ. સાચા મુનિ ન દેખાય તો ગમે તેને મુનિ માની લેવાય નહીં. સ્વયંભૂરમણ સમુદ્રમાં તો અસંખ્ય માછલા પાંચમા ગુણસ્થાનવર્તી શ્રાવક છે; ત્યાં મુનિ ક્યાં છે ?–ભલે ન હો, પણ તેનું સ્વરૂપ જેવું છે તેવું તે સમજે છે, તે વિપરીત માનતા નથી. અંદરમાં આત્માનું ભાન છે ને સાચા દેવ–ગુરુની સ્થિતિ કેવી હોય તેનું પણ ભાન છે.

દેવ–ગુરુની સાચી ઓળખાણ પૂર્વક, વીતરાગતાની ભાવનાથી જે શ્રાવક જિનમંદિર બંધાવે છે ને તેમાં ભક્તિથી જિનબિંબ પધરાવે છે તે શ્રાવકને પ્રશંસનીય કહ્યો છે ( ते श्रावका संमताः ) અંદરમાં વીતરાગતાનું બહુમાન છે એટલે કે રાગથી ધર્મ માનવાની મિથ્યાશ્રદ્ધા છોડી દીધી છે, ને બહારમાં મિથ્યા દેવ–ગુરુ–ધર્મને છોડીને

વીતરાગતાના જ પોષક એવા સાચા દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે બહુમાન આવ્યું છે, તેથી જગતમાં વીતરાગમાર્ગની કેમ પ્રભાવના વધે, દેવ–ગુરુ–ધર્મનો મહિમા જગતમાં કેમ ફેલાય એવા ભાવથી જિનમંદિર–જિનબિંબપ્રતિષ્ઠા વગેરેનાં ઉત્સવ કરાવે છે તેને શાસ્ત્રકારોએ સંમત એટલે કે પ્રશંસનીય કહેલ છે. અહો, આવો સરસ વીતરાગમાર્ગ ! તે જગતમાં કેમ પ્રસિદ્ધ થાય એવી ભાવના શ્રાવકને હોય છે.

## એક સુંદર વસ્તુ

ગતાંકમાં એક સુંદર વસ્તુ શોધી કાઢવાનું પૂછેલ, તે સુંદર વસ્તુ છે–મેરુ પર્વત.

* તેના પગ પાતાળને અડે છે–કેમકે તેનું મૂળ જમીનમાં એક હજાર યોજન ઊંડું છે.
* તેનું માથું સ્વર્ગને ભટકાય છે કેમકે તેની ટોચ પછી તરત સ્વર્ગની શરૂઆત થાય છે
* તેના ખોળામાં ભગવાન નહાય છે, કેમકે તીર્થંકર ભગવંતોનો જન્માભિષેક મેરુ ઉપર થાય છે.
* સન્તો એના દર્શન કરે છે, કેમકે તેના ઉપર રત્નમય શાશ્વત જિનબિંબો બિરાજે છે, તેમજ તીર્થંકરોના જન્માભિષેકને લીધે તે પાવન તીર્થ છે.
* દેવો પણ મેરુની વંદના કરવા આવે છે.
* મેરુ પર્વતથી ઊંચું મધ્યલોકમાં બીજું કાંઈ નથી, તેથી તે જૈનધર્મનું સૌથી ઊંચું તીર્થ છે.
* જેટલા તીર્થંકર થાય તે બધાયને મેરુ પર્વત પર જન્માભિષેક માટે ઇન્દ્ર લઈ જાય છે.
* જંબુદ્વીપનો મુખ્ય મેરુ પર્વત (સુદર્શન મેરુ) એક લાખ યોજન ઊંચો છે, ધાતકી દ્વીપના બે મેરુ તથા પુષ્કર દ્વીપના બે મેરુ એ ચારે મેરુ ૮૪ હજાર યોજન ઊંચા છે, બીજી બધી બાબતમાં તે સુદર્શન મેરુ જેવા જ લાગે છે; આ રીતે મુખ્ય મેરુ પર્વતને ચાર નાના ભાઈ છે.
* તે પંચમેરુ પર બિરાજમાન સર્વે જિનબિંબોને નમસ્કાર

# 卐 વૈશાખ સુદ બીજ નિમિત્તે નિબંધ યોજના 卐

## * ( આવેલા નિબંધોનો સાર ) *

વૈશાખ સુદ બીજ નિમિત્તે અનેક વિષયો ઉપર નિબંધ માંગવામાં આવ્યા છે, તે સંબંધી વિગત ગતાંકમાં તેમજ આ અંકમાં પણ આપ વાંચશો.

નિબંધ સંબંધી જાહેરાત વાંચીને, જિજ્ઞાસુઓએ ખૂબ ઉત્સાહ બતાવ્યો છે. ને નિબંધો આવવા શરૂ થઈ ગયા છે. સૌથી પહેલો નિબંધ લખનાર છે–રાજકોટના ચીમનભાઈ શાહ; આત્મધર્મ વાંચીને બીજે જ દિવસે તેમણે નિબંધ લખી મોકલ્યો એ તેમની તત્પરતા છે. બીજો નિબંધ લખનાર ગીતાબેન ગાંડાલાલ ચાવડા, તેઓ પણ રાજકોટના છે. તેઓ બંનેએ ગુરુદેવના ઉપદેશ પ્રતાપે આત્મધર્મ વાંચન દ્વારા કેવા ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત કર્યા છે તે તેમના લખાણ ઉપરથી જણાઈ આવે છે.

આ નિબંધ યોજના સૌનો ધાર્મિક ઉત્સાહ વધારવાના હેતુથી યોજવામાં આવી છે. અને નાના બાળકો, વિદ્યાર્થી યુવાનો કે પ્રૌઢ જિજ્ઞાસુઓ સૌ કોઈ પોતપોતાને સ્ફૂરે તેવું લખાણ લખી મોકલશો–જેથી અરસપરસ એકબીજાના ઉત્તમ વિચારો જાણીને સૌને પ્રોત્સાહન મળે. નાના બાળકોનું ટૂંકું લખાણ પણ સ્વીકારવામાં આવશે. મળેલા બધા જ નિબંધોનો સાર ભાગ ( યોગ્ય સંશોધન કરીને ) આત્મધર્મમાં રજૂ કરવા પ્રયત્ન થશે. આ અંકમાં એવા બે નિબંધોનો સાર આપીએ છીએ.

( –સંપાદક )

### ( નિબંધ નં: ૧ ) ઉત્તમ જીવન કયા પ્રકારે જીવવું ?

**( લે. ચીમનભાઈ શાહ, રાજકોટ )**

આત્મધર્મ અંક ૩૧૬ માં નિબંધ માટે જે સાત વિષયો આપ્યા છે તે એકબીજાથી ચઢીયાતા છે, તેમાં હું નંબર એક વિષે મારા વિચાર જણાવું છું.

“ઉત્તમ જીવન કેમ જીવવું” તેનો એક જ વાક્યમાં પ્રત્યુતર આપવો હોય તો એ હોઈ શકે કે, પ્રત્યેક જીવાત્માએ આત્મા તરફ જ લક્ષ કેન્દ્રિત કરી, તે માટે સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થતાં સુધી તેમાં જ મચ્યા રહેવાનો પ્રચંડ પુરુષાર્થ જારી રાખવો.

આ પ્રકારનો પુરુષાર્થ કઈ રીતે કરવો ? તેનો જવાબ આપણે માનવજીવનની મુખ્યતાથી વિચારીએ; તે માટે માનવજીવનને બે વિભાગમાં વહેંચશું–

( ૧ ) આત્મજ્ઞાન પૂર્વક સંસારની અસારતાને સમજીને જેઓ તેનાથી વિરક્ત થઈ, દિગંબર મુનિદશા ધારણ કરી, માત્ર પોતાના આત્માની ઉન્નત્તિરૂપ ધ્યેયસિદ્ધિ માટે સદા ઉદ્યમવંત છે.

( ૨ ) બીજા મનુષ્યો એવા છે કે જેઓને પોતાના આત્માની ઉન્નત્તિના ધ્યેયની સાથે સાથે પૂર્વસંચિત કર્મઅનુસાર સાંસારિક પ્રવૃત્તિઓમાંથી પણ પસાર થવું પડે છે.

હવે આમાંથી પહેલાં પ્રકારના મનુષ્યોને માટે તો ખાસ કોઈ પ્રશ્નો ઉપસ્થિત થતા નથી, કારણ કે તે સાધુઓ મહદ્ અંશે એકાંત જીવન પસંદ કરીને દુનિયાના કોઈ પણ પ્રવાહમાં નહીં ખેંચાતા પોતાના આત્માની મસ્તીમાં જ મસ્ત રહે છે.

બીજા પ્રકારના મનુષ્યોને સંસારની અનેક ઝંઝટ વચ્ચે ઉત્તમ જીવન કયા પ્રકારે જીવવું–તે સમસ્યા વિચારવાની છે.–આ માટે મારા જેવો સામાન્ય માનવી શું લખી શકે ? આપણા ‘આત્મધર્મ’ ના અંકો જ તે સામગ્રીથી ભરપૂર હોય છે.

સામાન્યપણે સારા કે માઠા ગણાતા પ્રસંગોમાં સુખ કે દુઃખની કલ્પના કરીએ છીએ, તેવી કોઈપણ કલ્પનાથી પર થઈને માત્ર આપણા આત્મા તરફ જ ધ્યાન કેન્દ્રિત કરવાથી, બંનેમાંથી કોઈ પ્રકારનો ( રાગ–દ્વેષનો ) ભાવ મનમાં ન આવતાં સાચી શાંતિ –આનંદ ને સુખ થાય છે. આત્મા સ્વયં આનંદમય છે, તેથી તેના લક્ષે આનંદ થાય છે. આવું આનંદમય જીવન એ જ ઉત્તમ જીવન છે.

જે સુખ–શાંતિ–આનંદ આત્મામાં છે તે પ્રાપ્ત કરવા માટે નિમિત્તરૂપે આત્મોન્નત્તિમાં સહાયરૂપ થાય એવું શ્રવણ–વાંચન–સત્સંગ–ચર્ચા–વિચારણા તેમાં ભાગ લેવો; અને સાંસારિક કાર્યો વખતે પણ આત્માભિમુખ રહેવાનો સતત પ્રયત્ન કરવો,–તે ઉત્તમ જીવન જીવવાનો સર્વોત્તમ માર્ગ છે.

## ( નિબંધ નંઃ ૨ ) ઉત્તમ જીવન...( લેઃ ગીતાબેન ચાવડા, રાજકોટ )

ઉત્તમ જીવન જીવવા માટે અમે હંમેશા વહેલા ઊઠી આત્માનો વિચાર કરશું, અને નમસ્કાર–મંત્ર બોલી પ્રભુનું સ્મરણ કરી, જિનમંદિરે દર્શન કરીશું, ત્યારબાદ શાસ્ત્રને વંદન કરી તેની સ્વાધ્યાય કરીશું અને ગુરુનો ઉપદેશ સાંભળી તેના પર વિચાર કરીશું. ( આ વ્યવહારશુદ્ધી )

પારમાર્થિક ઉત્તમ જીવન જીવવા માટે, હું અજર–અમર આત્મા છું, હું શરીર નથી–એમ ઓળખશું; અને શરીર સુખી હોવાથી હું સુખી તથા શરીર

દુઃખી હોવાથી હું દુઃખી–એમ ન માનતાં ચૈતન્યસુખથી ભરેલા આત્મસ્વરૂપને ઓળખશું અને રાગ–દ્વેષના ત્યાગનો ઉદ્યમ કરીશું.–એમ કરીને વીતરાગભાવરૂપ ઉત્તમ જીવન જીવશું.

–એ માટે પ્રથમ તો જીવાદિ સાત તત્ત્વની સમજણમાં અનાદિની જે ભૂલ છે તે દૂર કરી, સાત તત્ત્વને બરાબર ઓળખી, મિથ્યાત્વનો નાશ કરીશું, ને ભેદજ્ઞાન પ્રાપ્ત કરીશું. કંદમૂળ વગેરે જે અભક્ષ છે તેનો ત્યાગ કરીશું. અને સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જિનદેવે પ્રરૂપેલા સાચા તત્ત્વનો અભ્યાસ કરી આત્માનું સ્વરૂપ સમજશું.–એ જ ઉત્તમ જીવન જીવવાની રીત છે.

–જેવી રીતે સમુદ્રમાં ડુબેલું અમૂલ્ય રત્ન ફરીથી હાથમાં નથી આવતું, તેવી રીતે સંસારસમુદ્રમાં મનુષ્યપણું શ્રાવકકુળ અને જિનવચનોનું શ્રવણ કરવાનો સુયોગ મહા ભાગ્યે મળ્યો છે. તેમાં જો આત્મકલ્યાણ ન કર્યું તો ફરીને તેની પ્રાપ્તિ દુર્લભ છે. માટે આ અવસરને ન ગુમાવતાં આત્માના સ્વરૂપની ઓળખાણ કરીને જીવનને સફળ કરવું.

આત્મહિતૈષી જીવનું કર્તવ્ય છે કે ધન–ઘર–માતા–પિતા–કીર્તિ–નિંદા–રોગ–નીરોગી શરીર તેનાથી આત્માને લાભ–નુકશાન ન માને; તેનાથી ભિન્ન આત્માને જાણવો. તે પદાર્થો માત્ર જ્ઞેય છે; તેમાં કોઈને અનુકૂળ કે પ્રતિકૂળ માનવા તે જીવની ભૂલ છે. અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો જીવને સુખ–દુઃખનાં કારણ નથી. પુણ્યના ફળમાં પણ હર્ષ ન કરવો, કેમ કે તે આત્માથી ભિન્ન જાત છે, તેમાં પણ સુખ નથી.

રત્નત્રય તે જ ઉત્તમ છે; એટલે ઉત્તમ જીવન જીવવા માટે રત્નત્રયપૂર્વક હિંસાદિ સર્વે પાપોનો ત્યાગ કરવો. (હિંસા–જૂઠું–ચોરી–અબ્રહ્મ અને પરિગ્રહ તે સર્વે પાપોને રત્નત્રયવડે છોડવા.) વચનવિકલ્પ છોડીને (ગુપ્તિપૂર્વક) અત્યંત નિર્મળ વીતરાગતાપૂર્ણ ધ્યાન કરવું, આત્મસ્વરૂપમાં ઉપયોગને એકાગ્ર કરીને લીન થવું.

હું ચૈતન્યસ્વરૂપ છું, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છું, પરથી ભિન્ન છું અને ત્રિકાળ નિજસ્વરૂપમાં સ્થાયી છું, પૂરો પરમેશ્વર હું પોતે જ છું અને પરમાણુ માત્ર મારું નથી. – આવું જે જાણે છે તે જ ઉત્તમ જીવન જીવે છે. તેથી કુંદકુંદસ્વામીએ કહ્યું છે કે–

"હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન–દર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે!"

–આવી અનુભવદશારૂપ જીવન તે ઉત્તમ જીવન છે.

# * ધર્મી જીવે કેવો અનુભવ કર્યો ? *

**( ગોંડલ, જોરાવરનગર અને અમદાવાદના પ્રવચનમાંથીઃ મહા સુદ ૧૩ થી વદ ૧ )**

જે ધર્માત્મા થયો તે પોતાના આત્માને કેવો અનુભવે છે? તેનું અલૌકિક વર્ણન આ ૩૮ મી ગાથામાં કર્યું છે–

**હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન-દર્શનમય ખરે,**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે.**

આત્મા જ્ઞાન–આનંદથી પરિપૂર્ણ, દેહથી ભિન્ન અરૂપી વસ્તુ છે; આવો હોવા છતાં અનાદિથી પોતે પોતાને ભૂલીને, મોહના ગાંડપણથી પરને અને પોતાને એકમેક માનતો થકો અપ્રતિબદ્ધ રહ્યો હતો, અત્યંત અજ્ઞાની હતો. તે અજ્ઞાનનું ગાંડપણ પણ પોતે જ પોતાને ભૂલીને ઊભું કર્યું હતું. હવે જ્ઞાની–સંત–ધર્માત્માના ઉપદેશથી પ્રતિબુદ્ધ થયો–આત્મજ્ઞાન પામ્યો, ત્યારે આત્માને કેવો જાણ્યો? કે પોતાના આત્માને પરમેશ્વર જાણ્યો; અહો! હું તો સર્વજ્ઞપરમાત્મા જેવો જ્ઞાન–આનંદથી પરિપૂર્ણ છું.

જેમ મૂઠીમાં રાખેલું સોનું ભૂલી જઈને બહાર શોધે ને મૂંઝવણથી દુઃખી થાય કે મારું સોનું ખોવાઈ ગયું; પણ કોઈએ તેને બતાવ્યું કે તારું સોનું તારી મૂઠીમાં જ પડયું છે, ખોવાઈ નથી ગયું; માટે ભ્રમ છોડ ને મૂઠી ઉઘાડીને જો. ત્યારે પોતાની મૂઠીમાં જ પોતાનું સોનું દેખીને જેમ આનંદિત થાય; તેમ પોતાનો ચૈતન્યપરમેશ્વર આત્માને ભૂલી જઈને, રાગ હું–શરીર હું એમ અનુભવ કરીને મોહથી દુઃખી થયો; પોતાના આત્માને, પોતાના ધર્મને બહાર ઢૂંઢયો. પણ જ્ઞાનીએ તેને સમજાવ્યું કે ભાઈ! તું તો ચૈતન્યસ્વરૂપ આત્મા છો, જ્ઞાન જ તું છો; રાગ તું નથી, શરીર તું નથી. શરીરથી ને રાગથી ભિન્ન તારું ચૈતન્યસ્વરૂપ છે તે ખોવાઈ નથી ગયું, માટે ભ્રમ છોડીને અંતરમાં જો. એ પ્રમાણે પોતામાં જ પોતાના આત્માને દેખીને જીવ આનંદિત થાય છે. અરે! ગુરુનો પરમ ઉપકાર છે કે વારંવાર ઉપદેશ આપીને મને મારા આત્માનું સ્વરૂપ બતાવ્યું. મારો આત્મા તો ચૈતન્યસ્વરૂપ હતો જ, પણ હું મને ભૂલી ગયો હતો; હવે શ્રીગુરુના ઉપદેશથી મારા આત્માને સ્વસંવેદનપ્રત્યક્ષરૂપ મેં અનુભવ્યો.

આત્મા સ્વસંવેદનપ્રત્યક્ષ છે, પોતાના અનુભવથી પોતે વેદનમાં આવે છે, એ સિવાય બીજી કોઈ રીતે આત્મા જણાય નહીં. બહારમાં ધર્મીને કદાચ ઇન્દ્રપદનો

કે રાજપદનો સંયોગ હો, પણ ચૈતન્યસ્વરૂપમાં તે સંયોગનો પ્રવેશ નથી. સંયોગમાંથી કે રાગમાંથી સુખ લેવાની બુદ્ધિથી જીવો દુઃખી છે. જ્ઞાની તો જાણે છે કે–

**આતમરામ અવિનાશી આવ્યો એકલો,**
**જ્ઞાન અને દર્શન છે મારું રૂપ જો.**

જ્ઞાનદર્શનમય પોતાનું સ્વરૂપ છે, તે અવિનાશી એકરૂપ છે; બહારના ભાવોનો તેમાં પ્રવેશ નથી–

**બહિરભાવો તે સ્પર્શે નહીં આત્મને,**
**ખરેખરો એ જ્ઞાયકવીર ગણાય જો.**

પરથી ભિન્ન ચિદાનંદસ્વભાવ તરફની સાવધાનીથી સમ્યગ્દર્શન થાય છે; તે સમ્યગ્દર્શન થતાં પોતાના અંતરમાં પોતાના આત્માને જ પરમેશ્વર સ્વરૂપે જ્ઞાની દેખે છે. શરીર હું, મનુષ્ય હું, રાગી–દ્વેષી હું–એવી મિથ્યાબુદ્ધિવશ જીવ પોતાના ચેતનસ્વરૂપને ભૂલ્યો હતો; ભૂલ્યો હતો પણ કાંઈ તેનો નાશ થઈ ગયો ન હતો; તેથી જ્યારે સ્વાનુભવી ગુરુના ઉપદેશથી પ્રતિબુદ્ધ થયો ત્યારે પોતાના સ્વરૂપને પોતામાં જ જાણ્યું કે હું તો જ્ઞાન–દર્શનથી જ ભરપૂર પરિપૂર્ણ છું.

આત્માનું શુદ્ધસ્વરૂપ શ્રીગુરુએ નિરંતર સમજાવ્યું, એટલે કે શિષ્યને તે સ્વરૂપ સમજવાની નિરંતર જિજ્ઞાસા હતી; તેણે અંતરના પ્રયત્નવડે સ્વસંવેદનપ્રત્યક્ષથી પોતાના આત્માને જાણ્યો. જાણતાં જ અંદરથી અપૂર્વ આનંદ અને શાંતિનું વેદન થયું; પોતાને પોતાની ખબર પડી કે મારા શુદ્ધ આત્માને મેં જાણ્યો છે. આવા આત્માનો અનુભવ કરીને જ્ઞાનપ્રકાશવડે મોહનો એવો નાશ કર્યો કે ફરીને કદી અજ્ઞાન ન થાય. આત્માનું જ્ઞાન કરીને તેમાં રમ્યો તે સાચો આત્મારામ થયો. આત્મારૂપી જે આનંદનો બગીચો તેમાં ધર્મીજીવ કેલિ કરે છે.

* * *

આત્મા કેવો છે? કે સહજ એક જ્ઞાયકભાવરૂપ છે. તેના અનુભવથી જ સમ્યગ્દર્શન છે. ભૂતાર્થસ્વભાવ સિવાયના જે વ્યવહારિક નવતત્ત્વો છે તે–રૂપે આત્માને અનુભવતાં સમ્યક્ત્વ થતું નથી. ધર્મી પોતાના શુદ્ધ આત્માને તે વ્યવહારિક નવતત્ત્વોથી અત્યંત જુદો, એકરૂપ અનુભવે છે.

અહો, આવી સત્ય ચૈતન્ય વસ્તુનું શ્રવણ પણ મળવું જીવને દુર્લભ છે. અને મહાભાગ્યે સાંભળવા મળે તો તેનો અંતરમાં નિર્ણય કરીને તેને લક્ષગત કરવી તે અપૂર્વ પ્રયત્નથી થાય છે.

સમ્યગ્દર્શન થતાં કેવો આત્મા અનુભવમાં આવે તેની આ વાત છે. નવતત્ત્વમાં, જે નર–નારકાદિ પર્યાયભેદો છે તે વ્યવહારજીવ છે, પરમાર્થ જીવ તેવો નથી; પરમાર્થજીવ એકરૂપ જ્ઞાનસ્વભાવ છે. વ્યવહારજીવ એટલે પર્યાયના ભેદ જેટલો જીવ તે આખું જીવતત્ત્વ નથી. તેથી તે વ્યવહારથી જીવતત્ત્વ છે, તે અભૂતાર્થ છે, ને એટલો જ જીવ અનુભવતાં સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન કહો કે સુખની પ્રાપ્તિ કહો, તેમાં જે જીવ અનુભવાય છે તે જ્ઞાયકસ્વભાવરૂપ શુદ્ધ છે. વ્યવહારરૂપ જે નર–નારકાદિ પર્યાયો, તેનાથી જુદો જ્ઞાયકભાવ છે.

અજીવથી જુદો, બીજા જીવોથી પણ આ જીવ જુદો; પુણ્ય અને પાપતત્ત્વથી પણ જ્ઞાયકસ્વરૂપ જીવ જુદો છે. લોકો પુણ્યને ધર્મ અને મોક્ષનું કારણ માની લ્યે છે, પણ ધર્મી તો જાણે છે કે પુણ્ય તે મારું સ્વરૂપ નથી; પુણ્યથી ભિન્ન સ્વરૂપે ધર્મી પોતાને અનુભવે છે. પુણ્ય–પાપ તે ક્ષણિક–વિકૃતભાવ છે. અને સંવર–નિર્જરા–મોક્ષરૂપ નિર્મળ પર્યાયના ભેદો છે તેટલું પણ જીવનું સ્વરૂપ નથી. જીવ તો અનંત જ્ઞાનસ્વભાવથી ભરેલો એકરૂપ ધ્રુવ જ્ઞાયકભાવ છે. ધર્મી જીવ પોતાને તેવો અનુભવે છે.

એકરૂપ જ્ઞાયકતત્ત્વ છે તે નવતત્ત્વના પર્યાયના ભેદરૂપ નથી, એટલે વ્યવહાર –નવતત્ત્વોરૂપ નથી, વ્યવહારિક નવતત્ત્વોથી તે તદ્ન જુદો છે, એકરૂપ છે, તેથી શુદ્ધ છે. આવા શુદ્ધ આત્માનો અનુભવ તે સમ્યગ્દર્શન છે, તે મોક્ષનો પ્રથમ ઉપાય છે.

તા. ૨૨–૭–૭૦ નારોજ અમદાવાદ પધારતાં સ્વાગતપૂર્વક જિનમંદિરે આવ્યા, આદિનાથ ભગવાનની અત્યંત મનોજ્ઞ અને ગુજરાતની સૌથી મોટી વીતરાગપ્રતિમાનાં દર્શન કર્યાં, અને પછી હજાર માણસથી ભરપૂર મંદિરના વિશાળ હોલમાં મંગલપ્રવચન કરતાં ગુરુદેવે કહ્યું કે–

અરિહંત ભગવાન મંગળ છે, કેમકે તે શુદ્ધ આત્મા છે. આવા અરિહંતપરમાત્માનું ધ્યાન કરતાં આત્માને શો લાભ ? તો કહે છે કે પરમાર્થે આ આત્મા પોતે અરિહંતસ્વરૂપ છે, જેવું અરિહંતનું સ્વરૂપ છે તેવું જ આ આત્માનું સ્વરૂપ છે. આત્માના સ્વભાવમાં અરિહંતપણું શક્તિપણે વિદ્યમાન છે, તે સત્ય છે, તેથી તેના ધ્યાનવડે જે આનંદ આવે છે તે સત્ય છે. પરમાત્માનું ધ્યાન કાંઈ નિષ્ફળ નથી; આત્માના પરમ સ્વભાવમાં એકાગ્ર થઈને પરમાત્મસ્વરૂપે તેને ધ્યાવતાં આત્મરસનો સ્વાદ આવે છે, નિજરસનો સ્વાદ આવે છે, આનંદનો અનુભવ થાય છે આત્માની શાંતિ–આનંદનો રસ ધ્યાનમાં પ્રગટે છે તેથી તે સફળ છે. ( અનુસંધાન પૃષ્ઠ ૪૪ ઉપર )

( અનુસંધાન પૃષ્ઠ ૨ થી ચાલુ )

પ્રભુ ! તારો અસંખ્યપ્રદેશી આત્મા અનંત ગુણની સંપદાનું ધામ છે. પુણ્ય–પાપ કે બહારના સંયોગ એ કાંઈ તારી સંપદા નથી. તારી સંપદા તારા આત્મામાં જ્ઞાન–આનંદથી પરિપૂર્ણ છે. તેનું ભાન કરતાં ભવનો અંત આવે છે. વીતરાગી સન્ત કહે છે ભવના અંતની વાત ! અહા ! આત્મા તો અતીન્દ્રિય આનંદનો ફૂવારો છે.

સમ્યગ્દર્શન કેમ થાય ? કે ચિદાનંદપ્રભુ આત્મા છે તેમાં દૃષ્ટિ પ્રસરતાં સમ્યગ્દર્શન થાય છે. પુણ્ય–પાપના ભાવોનો અનુભવ આકુળતારૂપ ને મલિનરૂપ છે, તેમાં સમ્યગ્દર્શન નથી, ને તેનાથી ભવનો અંત આવતો નથી.

ભગવાન આત્મા પરના અવલંબન વગરનો નિરાલંબી છે. અંતરીક્ષ એટલે આકાશમાં બિરાજમાન નિરાલંબી આત્મા છે. અહીં ભગવાન પાર્શ્વનાથને અંતરીક્ષ કહેવાય છે; તીર્થંકરભગવાન સમવસરણમાં સિંહાસન ઉપર ચાર આંગળ ઊંચે બિરાજે છે, સિંહાસનનું આલંબન તેમને નથી. જેમ આત્માનો સ્વભાવ રાગના અવલંબન વગરનો છે તેમ સર્વજ્ઞપ્રદ પ્રગટતાં શરીર પણ નિરાલંબી એટલે કે અંતરીક્ષ થઈ જાય છે. રાગના અવલંબનથી લાભ માને તે નિરાલંબી ભગવાનને ઓળખતો નથી. અહા, ચૈતન્યનો સહજ સ્વભાવ, તેમાં ગુણગુણીભેદના વિકલ્પનું પણ આલંબન નથી. રાગ અને આત્માની ભિન્નતા જાણીને ચૈતન્યસ્વરૂપને અનુભવમાં લેવું તેનું નામ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે.

મોક્ષનો માર્ગ રત્નત્રય છે; તેમાં પણ સમ્યગ્દર્શન મૂળ છે. તે સમ્યગ્દર્શન માટે પહેલાં ઉદ્યમ કરવો જોઈએ. સમ્યગ્દર્શન થવાની રીત બતાવતાં પ્રવચનસારમાં આચાર્ય કુંદકુંદસ્વામી કહે છે કે–અરિહંત દેવના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણતાં આ આત્માનું શુદ્ધ સ્વરૂપ પણ ઓળખાય છે, કેમકે પરમાર્થે આ આત્માનું સ્વરૂપ પણ અરિહંત જેવું જ છે. આ રીતે શુદ્ધ આત્માને ઓળખતાં સમ્યક્ત્વ થાય છે ને મોહ નાશ પામે છે.

આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાયનું યથાર્થ જ્ઞાન કરીને પછી, ચેતન પર્યાયને અને ગુણને ધ્રુવદ્રવ્યમાં અંતર્મગ્ન કરીને શુદ્ધ વસ્તુનો અભેદ અનુભવ કરતાં મોહનો નાશ થાય છે ને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. પર્યાયને દ્રવ્ય સાથે અભેદ કરે છે, એટલે વચ્ચે મોહ રહી શક્તો નથી. જેમ શરીરના અંગરૂપ આંગળીવડે આખા શરીરનો સ્પર્શ થાય છે, તેમ આત્માના અંગરૂપ જે જ્ઞાનપર્યાય, તે જ્ઞાનપર્યાય વડે આખા આત્માનું

જ્ઞાન થાય છે. શરીર તે કાંઈ આત્મનું અંગ નથી, રાગદ્વેષ પણ ખરેખર આત્માનું અંગ નથી, જ્ઞાનાદિ અનંત ગુણો ને તેની પર્યાયો તે આત્માના અંગો છે. તે અવસ્થાને અંતરમાં ધ્રુવ સાથે લગાવવાથી આનંદકંદ આત્માનું જ્ઞાન થાય છે. આ રીતે શુદ્ધતારૂપે પરિણમ્યો ત્યારે શુદ્ધ આત્માની ઉપાસના થઈ એટલે મોક્ષમાર્ગ થયો. આ રીતે પોતાના દ્રવ્યગુણપર્યાયના જ્ઞાન વડે મોક્ષમાર્ગ થાય છે.

* * *

## અંતરીક્ષ એટલે નીરાલંબી આત્મભગવાન,

## તેની પ્રતિષ્ઠા રાગમાં થઈ શકે નહીં.

શિરપૂર–મહારાષ્ટ્ર (અંતરીક્ષ–પાર્શ્વનાથ)માં પંચકલ્યાણક–પ્રતિષ્ઠા–મહોત્સવ પ્રસંગે પૂ. શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનોમાંથી.

(સમયસાર સંવર અધિકાર)

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે જ્ઞાનરૂપે પોતાને અનુભવવો તે મોક્ષનું ને આનંદનું કારણ છે. જ્ઞાનભાવ પ્રગટયો ત્યાં આત્માને કર્મનો આસ્રવ કે બંધ થતો નથી. આવું જ્ઞાન કેમ પ્રગટે, એટલે કે સંવરરૂપ મોક્ષમાર્ગ કેમ થાય તે વાત અલૌકિક રીતે આચાર્યદેવ આ સમયસારમાં સમજાવે છે.

આત્મા ઉપયોગસ્વરૂપ છે. ઉપયોગને અને આત્માને એકપણું છે, પણ ઉપયોગને અને ક્રોધને એકપણું નથી. ઉપયોગમાં ઉપયોગ છે, ક્રોધમાં–કર્મમાં કે શરીરમાં ઉપયોગ નથી; તેમ તે ક્રોધાદિમાં ક્રોધાદિ છે, ઉપયોગમાં ક્રોધાદિ નથી. આ રીતે ઉપયોગસ્વરૂપ આત્મા, અને ક્રોધાદિસ્વરૂપ અનાત્મા, તે બંનેની ભિન્નતાનું યથાર્થ ભેદજ્ઞાન થાય ત્યારે જીવ પોતાને ઉપયોગસ્વરૂપે જ અનુભવે છે. ક્રોધાદિ પરભાવોને પોતાથી ભિન્ન જાણે છે એટલે તેનો તે જરાપણ કર્તા થતો નથી, તેમાં જરાય તન્મય થતો નથી. આવું સમ્યક્ ભેદજ્ઞાન તે અભિનંદનીય છે, તે મોક્ષનું કારણ હોવાથી પ્રશંસનીય છે. આચાર્યદેવ કહે છે કે અહો! આવું નિર્મળ ભેદજ્ઞાન જીવને આનંદ પમાડતું થકું પ્રગટ થયું છે, માટે હવે પરભાવોને છોડીને આનંદમય વિજ્ઞાનઘન આત્મામાં જ એકાગ્ર થાઓ. આ ધાર્મિક ક્રિયા છે, આ મોક્ષની ક્રિયા છે.

આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છે; આત્મા પુણ્ય–પાપ કે રાગસ્વરૂપ નથી. જ્ઞાનને તે રાગાદિ અન્ય વસ્તુઓ સાથે જરાપણ સંબંધ નથી. જેમ જડ અને ચેતનને જરાપણ સંબંધ નથી, અત્યંત જુદાઈ છે, તેમ રાગને અને જ્ઞાનને જરાપણ સંબંધ નથી, અત્યંત જુદાઈ છે, બંનેનું સ્વરૂપ એકબીજાથી વિપરીત, તદ્દન જુદું છે. રાગ વગરના આવા જ્ઞાનનો અનુભવ કરવો તે સંવરધર્મ છે. ભગવાન આત્મા રાગના અવલંબન વગરનો 'અંતરીક્ષ' છે; તેની આ પ્રતિષ્ઠા થઈ રહી છે. અહો, આવા આત્માની વાત દિગંબર સંતોએ જ કરી છે. દિગંબર જૈનધર્મ સિવાય બીજે ક્યાંય આવા ભેદજ્ઞાનનું યથાર્થ સ્વરૂપ છે જ નહીં.

દરેક આત્માના સ્વભાવમાં સર્વજ્ઞપદ વિદ્યમાન છે, તે પર્યાયમાં કેમ પ્રગટે તેની આ વાત છે. સર્વજ્ઞનો આત્મા જેમ રાગથી જુદો થઈ ગયો છે તેમ દરેક આત્માનો જ્ઞાનસ્વભાવ રાગથી જુદો છે. આવો સ્વભાવ બતાવનારૂં જે આ સમયસાર મહાન શાસ્ત્ર, તેના લખીતંગ કુંદકુંદાચાર્યદેવ, અને સાક્ષી સર્વજ્ઞ પરમાત્માની; રચવાનું સ્થાન પોન્નૂરદેશ. તેમાં રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરાવ્યો છે. જેવો ચૈતન્યભાવ જ્ઞાનમાં છે તેવો ચૈતન્યભાવ રાગમાં નથી, માટે જ્ઞાન અને રાગ બંને ભિન્નભિન્ન જાતના છે. અરે, રાગ જ્યાં ચૈતન્યની જાત જ નથી ત્યાં રાગથી ધર્મ થવાની વાત કેવી ? ચૈતન્યથી વિરુધ્ધ એવા અચેતનભાવને આત્માનું સ્વરૂપ માને તેણે આત્માને જાણ્યો નથી, તેને જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન નથી. કારંજાનો નવવર્ષનો બાળક ( પ્રદીપ ) પણ એના પોતાના ઉઘાડથી કહેતો હતો કે પુણ્ય તે મોક્ષમેં જાનેકે લિયે ઉપયોગી નહી હૈ. પુણ્યને અને જ્ઞાનને એકબીજા સાથે આધારઆધેયપણું નથી. સમ્યક્ત્વાદિ નિર્મળ પર્યાયો રાગના–પુણ્યના આધારે ઉત્પન્ન થતી નથી પણ આત્માના જ આધારે ઉત્પન્ન થાય છે. અને પુણ્ય વગેરે રાગભાવની ઉત્પત્તિ થતી નથી પણ આત્માના જ આધારે ઉત્પન્ન થાય છે. અને પુણ્ય વગેરે રાગભાવની ઉત્પત્તિ જ્ઞાનના આધારે થતી નથી પણ અચેતનના આધારે તેની ઉત્પત્તિ થાય છે. આ રીતે જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નતા છે. આવી ભિન્નતા જાણીને ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

જિનવાણી વીતરાગભાવની જ પોષક છે, રાગથી તે ભિન્નતા કરાવનારી છે, તે રાગની પોષક નથી. આવી વીતરાગતાપોષક જિનવાણી ગણધરો અને ઇન્દ્રો પણ આદરપૂર્વક ઝીલે છે. રાગને આદરવા જેવો માને તેને જિનવાણીની ખબર નથી. જિનવાણીએ જ્ઞાનક્રિયાને જ આત્માની ક્રિયા બતાવી છે; ક્રોધાદિ ક્રિયા કે શરીરની જડક્રિયા તે કાંઈ આત્માની ક્રિયા નથી. બહુ સારી વાણી બોલતાં આવડે કે ઘણા

વિકલ્પ કરતાં આવડે તે ક્રિયાના આધારે કાંઈ ધર્મની ક્રિયા નથી. અને જ્ઞાનભાવરૂપ આત્માની જે ધર્મક્રિયા છે તે ક્રિયાના આધારે કાંઈ વચન કે વિકલ્પ નથી. અહો! ભગવાને કહેલી ધર્મક્રિયા અલૌકિક છે; લોકોને તે ધર્મક્રિયાની ખબર નથી. સમયસારમાં આચાર્યદેવે તે ધર્મક્રિયા સમજાવી છે. આત્માની આ ધર્મક્રિયા આત્માના ધ્રુવસ્વભાવથી અભિન્ન છે; વીતરાગીપર્યાય તે ત્રિકાળી વીતરાગસ્વભાવથી અભિન્ન છે, તેથી તે જ આત્માની સાચી ક્રિયા છે.

આત્માના સ્વભાવની સન્મુખ થયેલા જ્ઞાનની જે ક્રિયા છે તે જ ધર્મની ક્રિયા છે; તે ક્રિયામાં રાગનો સર્વથા અભાવ છે. આત્મા આવી જ્ઞાનક્રિયામાં પ્રકાશે છે, પણ રાગક્રિયામાં આત્મા પ્રકાશતો નથી. પોતાના જ્ઞાનમાં, શ્રદ્ધામાં આવા આત્મસ્વરૂપને સ્થાપવું તે જિનભગવાનની પરમાર્થ પ્રતિષ્ઠા છે. તેના પ્રતિબિંબરૂપ જિનભગવાનની પ્રતિષ્ઠા આજે અહીં જિનમંદિરમાં થાય છે. આત્માને ક્યાં બિરાજમાન કરવો? કે અંતરની પોતાની જ્ઞાનક્રિયામાં જ આત્માને બિરાજમાન કરવો. જ્ઞાનક્રિયા તે જ ચૈતન્યભગવાનની પ્રતિષ્ઠા કરવાનું સિંહાસન છે, રાગક્રિયામાં ચેતનભગવાનને સ્થાપવા માંગે તો ચેતનભગવાન તેમાં નહીં બેસે, રાગમાં ચૈતન્યસ્વરૂપ આત્માની પ્રાપ્તિ નહીં થાય, જ્ઞાનને અંતર્મુખ કરતાં તે જ્ઞાનની ક્રિયામાં જ ચૈતન્યસ્વરૂપ આત્માની પ્રાપ્તિ થાય છે. જેણે આવો અનુભવ કર્યો તેણે પોતાના અંતરમાં સર્વજ્ઞભગવાનની સાચી પ્રતિષ્ઠા કરી કે 'હું જ સર્વજ્ઞસ્વભાવી ભગવાન છું.'–આવી સ્થાપના કરી તે પોતે અલ્પકાળમાં સાક્ષાત્ સર્વજ્ઞપરમાત્મા થઈ જશે.

* * * * * *

( અનુસંધાન પૃષ્ઠ ૪૦ થી ચાલુ )

અરિહંતપણું તો નથી છતાં તેનું ધ્યાન કેમ કરો છો? તો કહે છે કે–ના, શક્તિમાં અરિહંતપણું વિદ્યમાન છે. અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણતાં આત્માનું શુદ્ધસ્વરૂપ જણાય છે ને તેને જાણતાં–ધ્યાવતાં મોહનો નાશ થઈને આનંદનો અનુભવ થાય છે. અમે એમ ને એમ કલ્પિત ધ્યાન નથી કરતા, પણ આત્મામાં પરમાત્મપદની જે શક્તિ વિદ્યમાન સત્ છે તેને ઓળખીને તેનું ધ્યાન કરીએ છીએ, તે જો મિથ્યા હોય તો આનંદ કેમ આવે? પર્યાયમાં ભલે અરિહંતપણું પ્રગટ ન હોય પણ સ્વભાવની શક્તિમાં અરિહંતપદ પડયું છે, તેના ધ્યાનવડે પર્યાયમાં અરિહંત થવાના છીએ–એવી નિઃશંકતાથી જે આનંદ અનુભવાય છે તે માંગળિક છે.

# -: જાણનારને જાણ્યા વિના કલ્યાણ કોનું ? :-

**વ્યારા શહેરમાં જૈન ઉપાશ્રયમાં પ્રવચન હતું. શહેરના શ્વેતાંબર સમાજના ભાઈઓએ પણ ઉત્સાહપૂર્વક સહકાર આપીને લાભ લીધો હતો; ને સમાજમાં પ્રેમભર્યું વાતાવરણ હતું.**

**( વ્યારા શહેરમાં પ્રવચનઃ મહા વદ ત્રીજ )**

જ્ઞાન વડે આત્મા પોતે પોતાને જાણે તે કલ્યાણનો ઉપાય છે. જ્ઞાનને અંતર્મુખ કરીને આત્મા પોતે પોતાને જાણતાં આનંદનો અનુભવ થાય છે. અરિહંત ભગવાન સર્વજ્ઞ પરમાત્મા થયા તે ક્યાંથી થયા ? આત્મામાં કેવળજ્ઞાનની તાકાત હતી, તેનું ભાન કરીને તેમાંથી સર્વજ્ઞતા અને પૂર્ણ આનંદ પ્રગટ કર્યો છે, બહારથી સર્વજ્ઞતા નથી આવી. એકેક આત્મામાં પોતાની સર્વજ્ઞશક્તિ છે; સર્વજ્ઞશક્તિવાળા પોતાને જાણતાં રાગાદિ પરભાવોમાં આત્મબુદ્ધિ રહેતી નથી; સર્વજ્ઞસ્વભાવી પોતે પોતાને જાણ્યા વગર રાગબુદ્ધિ છૂટે નહીં ને કલ્યાણ થાય નહીં.

જેમ શ્રીફળમાં સફેદ મીઠું ટોપરું છે તે રાતી છાલથી જુદું, કાચલીથી જુદું, તેમજ ઉપરના છાલાંથી જુદું છે; તેમ આનંદથી ભરેલું શુદ્ધ ચૈતન્યતત્ત્વ રાગાદિ ભાવકર્મોથી જુદું છે, આઠકર્મોરૂપી કાચલીથી જુદું છે, તેમજ છોતાં જેવા શરીરથી જુદું છે. આવું ચૈતન્યપદ તે જ આત્માનું સાચું નિજપદ છે. આવું નિજપદ બતાવીને આચાર્યદેવ કહે છે કે અરે જીવો ! મોહમાં કેમ સૂતા છો ? પરપદને નિજપદ સમજીને તમે મોહી કેમ થઈ રહ્યા છો ? એ પદ તમારું નથી. તમારું પદ તો ચૈતન્યસ્વરૂપ છે, તેને તમે જાણો. નિજપદને જાણવાથી જ કલ્યાણ થાય છે. નિજપદને જાણ્યા વિના બીજા અનંત ઉપાયે પણ કલ્યાણ ન થાય. અરે, આવું મનુષ્યપણું મળ્યું તેમાં આત્માના હિતનો તો વિચાર કરો. આત્મા શું ચીજ છે ને તેનું સાચું સ્વરૂપ શું છે તે ઓળખો.

પ્રભુ ! તારા આત્માને ભૂલવાથી અને બહારમાં સુખ શોધવાથી ક્ષણે ક્ષણે તારું ભાવમરણ થાય છે. હીરાની, રત્નોની બહારની વસ્તુની કિંમત તું કરે છે, બધાની કિંમત કરનારો આત્મા પોતે કેવો કિંમતી છે ? કેવા અનંતગુણો તેનામાં છે ? તેની તને ખબર નથી; જાણનારો પોતે પોતાને જાણતો નથી–એ તે જ્ઞાન કેવું ? બાપુ ! તું તો આનંદનું ધામ છો. અંતરમાં તારા આત્માને જાણ તો તારો આનંદ તને અનુભવાય. જાણનારને જાણ્યા વિના કલ્યાણ કોનું ? જાણનારો પોતે પોતાને જાણે તે જ કલ્યાણ છે.

એકવાર અંતર્મુખ થઈને આત્મા પોતે પોતાને જાણે તો પરભાવોથી ભિન્નતાનું એવું ભેદજ્ઞાન થાય કે ફરી કદી એકતાબુદ્ધિ ન થાય; જેમ પર્વત ઉપર વીજળી પડે ને પર્વત ફાટીને બે કટકા થાય તે ફરીને રેણ દીધે સંધાય નહીં. તેમ ભેદજ્ઞાનરૂપી વીજળી પડી ત્યાં જ્ઞાન અને રાગની એકતા એવી તૂટી કે રાગનો અંશ પણ જ્ઞાનરૂપે ભાસતો નથી. આવું ભેદજ્ઞાન કર્યું તે જીવ સંસારને છેદીને અલ્પકાળમાં મુક્તિ પામે છે.

## * આત્માની સેવાથી મોક્ષ પમાય છે *

**વ્યારા પછી સોનગઢ પાસેના ઉકાઈ (જ્યાં તાપી નદી પર એક અબજ રૂા. ની મોટી ડેમયોજનાનું કામ ચાલીસ હજાર માણસો દ્વારા ધમધોકાર ચાલી રહ્યું છે-ત્યાં) થઈને મહા વદ ચોથે ધૂલિયા (ધૂળેં) શહેર આવ્યા. એક લાખની વસ્તીવાળા આ શહેરમાં ચાલીસ જેટલા દિ. જૈનોના ઘર છે. એક જિનમંદિર છે. સ્વાગત બાદ જૈનઉપાશ્રયમાં મંગલપ્રવચન થયું; શ્વેતાંબર સમાજના ભાઈઓનો પણ સારો સહકાર હતો. બપોરે પણ ત્યાં જ પ્રવચન થયું. તેમાં સ. ગા. ૧૭-૧૮ ઉપરથી આત્માની સેવા કરવાનું સમજાવ્યું.**

આ આત્મા પોતે જ્ઞાન–આનંદસ્વભાવથી ભરેલો ભગવાન છે; તેને ઓળખીને તેની સેવાથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય છે, અને તે મોક્ષનો ઉપાય છે.

જે જીવ આત્માને ભૂલીને પોતાના સુખને માટે પરવસ્તુ માંગે છે તે ભીખારી છે; થોડું માંગે તે નાનો માંગણ, ઝાઝું માંગે તે મોટો માંગણ; અને પરથી ભિન્ન ચૈતન્યનું ભાન કરીને જે કાંઈ ન માંગે તે મોટો રાજા છે. ધર્મી પોતાના ચૈતન્યરાજાને જાણે છે કે હું પોતે જ્ઞાન અને આનંદ વગેરે અનંત વૈભવનો સ્વામી છું, મારા સુખ માટે કોઈ બીજા પદાર્થની મારે જરૂર નથી–આમ ચૈતન્યસ્વરૂપ આત્માને ઓળખીને, તેની શ્રદ્ધા કરીને, તેનું અનુચરણ કરવું તે મોક્ષનો ઉપાય છે.

જેમ લૌકિકમાં ધનની અભિલાષાવાળો કોઈ જીવ પહેલાં તો રાજાને ઓળખે છે અને શ્રદ્ધા કરે છે, કે આ રાજા છે અને તેની સેવાથી મને ધનનો લાભ થશે; એમ નક્કી કરીને પછી તે રાજાની સેવા કરે છે. તેમ જે મુમુક્ષુ છે, મોક્ષનો અભિલાષી છે તે જીવે પ્રથમ તો ચૈતન્યલક્ષણવડે આત્માને પરભાવોથી જુદો ઓળખવો. આ ચૈતન્યસ્વરૂપપણે જે અનુભવમાં આવે છે તે ચેતનરાજા હું છું, ચેતનથી જુદા અન્ય કોઈ ભાવો હું નથી. એમ સ્વાનુભવપણે બરાબર જાણીને તથા શ્રદ્ધા કરીને પછી તેમાં ઉપયોગની એકાગ્રતાવડે તેનું અનુસરણ કરવું. આમ કરવાથી જરૂર મોક્ષની પ્રાપ્તિ થાય છે.

રાજગૃહીના રાજા શ્રેણીક,–જે મહાવીર ભગવાનના વખતમાં હતા, તેમણે આવા આત્માની ઓળખાણ કરી હતી પહેલાં અજ્ઞાનદશામાં મુનિની વિરાધના કરીને સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું હતું, પણ ભગવાને કહેલું આત્માનું સ્વરૂપ સમજીને તે સમ્યગ્દર્શન પામ્યા, અને નરકનું અસંખ્યવર્ષનું આયુષ્ય ઓછું કરીને માત્ર ૮૪૦૦૦ વર્ષનું રહ્યું; તે અત્યારે પહેલી રત્નપ્રભા પૃથ્વીમાં છે, ત્યાં પણ તેને આત્માનું ભાન છે; ને ત્યાંથી નીકળીને ૮૨૫૦૦ વર્ષ પછી આ ભરતક્ષેત્રમાં પહેલા તીર્થંકર થશે.–કોનો પ્રતાપ ? અંદરમાં ભિન્ન આત્માનું ભાન છે, સમ્યગ્દર્શન છે; તેના પ્રતાપે એક ભવમાં મોક્ષ પામશે.

જ્ઞાનની ક્રિયા તો આત્મામાં છે ને તે મોક્ષનું કારણ છે. પણ રાગની ક્રિયા મોક્ષનું કારણ નથી; અને દેહાદિ જડવસ્તુની ક્રિયા તો આત્મામાં છે જ નહીં. આ રીતે જડથી અને રાગથી અત્યંત ભિન્ન એવી પોતાની જ્ઞાનક્રિયા છે. આવું ભેદજ્ઞાન કરવાથી જ સિદ્ધપદ પમાય છે. અનંતા જીવો સિદ્ધ થયા તેઓ भेदविज्ञान થી જ સિદ્ધ થયા છે. માટે આત્માનું સ્વરૂપ ઓળખીને ભેદજ્ઞાન કરવું જોઈએ.

## અરિહંતોની આરાધના

**સર્વજ્ઞને ઓળખવા માટે આત્મસ્વભાવની સન્મુખ થવું પડે છે. સર્વજ્ઞને કેમ ઓળખવા તેની પણ અજ્ઞાનીને ખબર નથી. ભાઈ, સર્વજ્ઞ એટલે તારો જ્ઞાનસ્વભાવ, સર્વજ્ઞને તે વ્યક્તરૂપ છે, તારામાં તે શક્તિરૂપ છે; તે શક્તિની સન્મુખતા વડે સર્વજ્ઞતા વ્યક્ત થશે. માટે તારી શક્તિની સન્મુખ થઈને તેની પ્રતીત કર તો તને સર્વજ્ઞની ખરી પ્રતીત થાય, તેનો ખરો મહિમા જાગે; ને એ જ અરિહંતોની આરાધના છે.**

## -: જાહેરાત :-

## વિદ્યાર્થીઓ માટે અભ્યાસની સુંદર સગવડ

સંસ્કૃતિ, સંસ્કાર અને કેળવણીના ધામ સમા **“શ્રી જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ”**-જિલ્લો-ભાવનગર (સૌરાષ્ટ્ર) માં આપ આપનાં બાળકોને અભ્યાસ અર્થે દાખલ કરો.

ઉપરોક્ત બોર્ડિંગ છેલ્લા ૧૮ વર્ષથી ચાલે છે. અહીં ત્રણે ફીરકાના જૈન વિદ્યાર્થીઓ કે જેમની ઉંમર ૧૦ થી ૧૮ વર્ષ સુધીની હોય અને જેઓ ધોરણ–૫ થી ધોરણ–૧૧ (એસ. એસ. સી–મેટ્રિક) સુધી અભ્યાસ કરતા હોય તેમને દાખલ કરવામાં આવે છે.

માસિક ભોજનનું પૂરી ફીનું લવાજમ રૂા. ૪૦/– તથા ઓછી ફીનું લવાજમ રૂા. ૨૫/– લેવામાં આવે છે.

અહીં વિદ્યાર્થીઓને સ્કૂલના અભ્યાસ ઉપરાંત શ્રી સનાતન જૈનધર્મનો અભ્યાસ કરાવવામાં આવે છે. ઉપરાંત મહાન આધ્યાત્મિક સંત પરમ પૂજ્ય **“શ્રી કાનજી સ્વામી”** ના સત્સમાગમનો તથા તત્ત્વપૂર્ણ વ્યાખ્યાન–શ્રવણનો પણ અપૂર્વ લાભ મળે છે. કસરત તથા બેન્ડ પણ શીખવવામાં આવે છે સમૂહ–ટયુશનની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. સવારે–સાંજે ગાયનું ચોકખું દૂધ, શુદ્ધ દેશી ઘી તથા સારો ખોરાક આપવામાં આવે છે. અહીંની આબોહવા સૂકી, ખુશનુમા તથા આરોગ્યપ્રદ છે.

સંસ્થાનું સુંદર વિશાળ હવા–ઉજાસવાળું સ્વતંત્ર મકાન છે. દરેક વિદ્યાર્થીને સૂવા માટે પલંગ તથા કપડાં, પુસ્તકો રાખવા એક કબાટ આપવામાં આવે છે.

નિશ્ચિત સંખ્યામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

આથી દાખલ થવા ઈચ્છનાર વિદ્યાર્થીઓએ રૂા. ૦–૧૫ પૈ. ની પોસ્ટની ટિકીટો બીડી તા. ૨૦–૪–૭૦ સુધીમાં પ્રવેશપત્ર તથા નિયમો મંગાવી લેવાં અને તા. ૧૦–૫–૭૦ સુધીમાં પ્રવેશપત્ર વિગતવાર ભરી વાર્ષિક પરીક્ષાના માર્કસશીટ સાથે પરત બીડવાં.

લિ.–

**મંત્રીઓ**

**શ્રી જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ** (સૌરાષ્ટ્ર)

# * આનંદ આત્માનો સ્વભાવ છે *

## ( એદલાબાદમાં પૂ. કાનજીસ્વામીનું પ્રવચનઃ તા. ૨૬-૨-૭૦ )

આત્માનું જ્ઞાન કરીને અનંતા જીવો સર્વજ્ઞ પરમાત્મા થઈ ગયા; તેવો સ્વભાવ દરેક આત્મામાં છે. રાગ–દ્વેષ એ કાંઈ તેનો કાયમી સ્વભાવ નથી, એનો કાયમી સ્વભાવ આનંદ અને જ્ઞાનરૂપ છે.

જેમ પાણીનો શીતળ સ્વભાવ છે; પણ લીલફૂગ તે પાણીનો સ્વભાવ નથી; તેમ આત્માનો શાંત ચૈતન્યસ્વભાવ છે, પણ આકુળતા–રાગ–દ્વેષ તે તેનો સ્વભાવ નથી.

આત્મા અનંતવાર મોટો રાજા–મહારાજા, કરોડોપતિ ને અબજોપતિ થયો, પણ તેને સુખ જરાય ન મળ્યું.–કેમકે સુખસ્વરૂપ એવો પોતાનો આત્મા તેણે કદી જાણ્યો નથી, તેની સાચી વાત અંતરના પ્રેમથી સાંભળી નથી. આત્માનું સ્વરૂપ જેવું છે તેવું સાંભળીને તેનો નિર્ણય કરે ત્યારે તેના સાચા સુખનો અનુભવ થાય, એ સિવાયનું બધું ફોક છે.

જેમ સોનાની એકસરખી દશ લગડી ઉપર જુદા–જુદા નાના–મોટા વસ્ત્ર વીંટયા હોય તેથી કાંઈ અંદરની લગડી જુદી–જુદી જાતની થઈ જતી નથી, લગડી તો વસ્ત્રથી જુદી, એકસરખી છે. તેમ અનંતા જીવો જ્ઞાનસ્વરૂપ સર્વજ્ઞસ્વભાવી છે. તેમાં ઉપર જુદા–જુદા શરીરનો સંયોગ છે,–કોઈને પુરુષનું શરીર, કોઈને સ્ત્રીનું શરીર, કોઈને દેવનું શરીર, કોઈને મનુષ્યનું, કોઈને ઢોરનું–એમ ઉપરના ચામડા જુદા જુદા છે પણ આત્મા કાંઈ સ્ત્રી–પુરુષ વગેરે નથી, આત્મા તો તે શરીરથી જુદા એકસરખા જ્ઞાનસ્વરૂપ છે. જેવા સિદ્ધ પરમાત્મા છે તેવો દરેક આત્મા છે.

આત્માનો સ્વભાવ પરભાવોથી ભિન્ન છે, ને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવથી પૂરો છે, તેને કોઈ આદિ કે અંત નથી. સંકલ્પ–વિકલ્પથી રહિત એવા શુદ્ધનયવડે આવો આત્મા જ્યારે અનુભવમાં આવે છે ત્યારે એવો કોઈ આત્મિક આનંદ થાય છે કે જે આનંદની પાસે ઇન્દ્રપદ કે ચક્રવર્તી પદના વૈભવની પણ કાંઈ ગણતરી નથી. રાગ અને સંયોગ તો ઉપાધિ છે, તે કાંઈ ચૈતન્યની મૂળ વસ્તુ નથી. શુભ–અશુભ રાગ તે ચૈતન્યધર્મથી જુદી ચીજ છે. આવા ચૈતન્યસ્વરૂપ આત્માને ઓળખવો તે ધર્મ છે.

# આત્માની લગની...ને અનુભવની ખૂમારી

**મહા વદ છઠ્ઠે આકોલા શહેરમાં પૂ. શ્રી કાનજીસ્વામી પધારતાં જૈનજનતાએ ઉમંગભર્યું સ્વાગત કર્યું; દોઢ લાખની વસ્તીવાળા આ શહેરમાં જૈનોના પાંચસો ઘર, એટલે ત્રણેક હજારની વસ્તી છે. ચાર દિગંબર જિનમંદિરો છે. સ્વાગત પછી પ્રમિલાતાઈ હોલમાં મંગલપ્રવચન કરતાં ગુરુદેવે કહ્યું કે-**

**લાગી લગન હમારી જિનરાજ લાગી લગન હમારી...**
**કાહૂકે કહે કબહૂં ન છૂટે લોકલાજ સબ ડારી...**
**પ્રભુજી ! લાગી લગન હમારી.**

જિનરાજ તે વીતરાગસ્વભાવને પામેલા સર્વજ્ઞ પરમાત્મા, તેમને ઓળખીને ભક્ત કહે છે કે હે ભગવાન ! આપની વીતરાગતાને અને આપના અતીન્દ્રિય જ્ઞાન–આનંદને અમે ઓળખ્યા, ત્યારથી અમને તેની લગની લાગી છે, તે લગની હવે કદી છૂટે નહીં. જ્ઞાનાનંદસ્વભાવની જે શ્રદ્ધા થઈ તે કદી છૂટે નહીં. હે નાથ ! આત્માની જે ખૂમારી ચડી, જે રંગ લાગ્યો તે કોઈ પ્રસંગે કદી છૂટે નહીં. આત્માના અનુભવની કોઈ અપૂર્વ ખૂમારી જ્ઞાનીને છે, આત્માની લગની આડે લોકલાજ છોડી દીધી છે તેથી લોકની પ્રતિકૂળતા હો તોપણ, સ્વભાવના અનુભવની ખુમારી ચડી તે ચડી, તેમાં હવે ભંગ પડે નહીં ને બીજો રંગ લાગે નહીં. આત્માની આવી રુચિ–શ્રદ્ધા–ઓળખાણ કરવી તે મંગળ છે.

બપોરે પ્રવચનમાં ગુરુદેવે કહ્યું–આત્મા પોતે સર્વજ્ઞપરમેશ્વર છે, અચિંત્ય જ્ઞાનશક્તિ તેનામાં છે. આચાર્યદેવ કહે છે કે અરે જીવો ! અનાદિથી નિજસ્વરૂપને ભૂલીને જે ભ્રમણા કરી છે તેને હવે તો છોડો. પર મારાં, શરીરાદિનાં કામ હું કરું–એવી સ્વ–પરની એકતાબુદ્ધિરૂપ અજ્ઞાનને હવે તો છોડો. અરે જગતના જીવો ! આ ચેતનસ્વરૂપ આત્મા છે તે કદી અચેતન શરીર સાથે એકમેક થતો નથી, ત્રણેકાળે તે જડથી જુદો જ છે. જડ–ચેતનની એકતાબુદ્ધિનો જે ભ્રમ છે તેને હવે તો છોડો. અહો, આત્માના રસિક જનોને રુચિકર એવું જ્ઞાનસ્વરૂપ છે, તે જ તમારું સ્વરૂપ છે, તેને અનુભવમાં લઈને તેનો સ્વાદ લ્યો. ચૈતન્યરસ એ જ સાચો રસ છે, તેના ભાન વગર ચારે ગતિમાં જીવે અનંત અવતાર કર્યા છે. તેનાથી હવે કેમ છૂટાય–તેની આ વાત છે.

આત્માનો સમ્યક્ સ્વભાવ ચેતનરૂપ છે; તે સ્વભાવમાં સંયોગ કે પરભાવનો પ્રવેશ થતો નથી. માટે હે જીવો ! તમે મોહ છોડીને આવા સાચા સ્વરૂપનો અનુભવ કરો. નિજઘર ચૈતન્યનિધાનથી ભરેલું છે તે કદી જોયું નહિ, ને પરઘરને–પરભાવને જ પોતાનું સ્વરૂપ માનીને દુઃખી થયો. **अपनेको आप भूलके हैरान हो गया। પણ अपनेको आप जानकर आनन्दी हो गया।**-માટે આત્માનું સાચું સ્વરૂપ શું છે તે સાંભળીને તેની સમજણ કરવી તે અપૂર્વ ચીજ છે.

જીવને મનુષ્યપણું અને આત્માના સાચા સ્વરૂપનું શ્રવણ મળવું તે અનંતકાળમાં દુર્લભ છે. દુર્લભ છતાં તે અનંતવાર મળી ગયું પણ **श्रद्धा परम दुर्लभ** છે, આત્માની સાચી શ્રદ્ધા જીવે કદી કરી નથી; તે અપૂર્વ છે. એક સેકંડ પણ આત્મસ્વરૂપની ઓળખાણ અને સાચી શ્રદ્ધા કરે તો અલ્પકાળમાં મુક્તિ થાય. સંસારમાં બીજું બધું તો સુલભ છે, પુણ્ય સુલભ છે, સ્વર્ગની પ્રાપ્તિ સુલભ છે, પણ આનંદથી ભરેલો શુદ્ધ ચૈતન્યસ્વભાવ–કે જેમાં પરભાવનો પ્રવેશ નથી,–તેની પ્રાપ્તિ, તેનો અનુભવ, તેની શ્રદ્ધા તે અપૂર્વ કલ્યાણકારી દુર્લભ ચીજ છે. અને પોતાની ચીજ પોતામાં જ પ્રાપ્ત છે તે અપેક્ષાએ સુલભ છે.

જેમ તેલ પાણીમાં પ્રવેશતું નથી પણ ઉપર જ તરે છે, તેમ ચીકણા પરભાવો તે સ્વચ્છ ચૈતન્યમાં પ્રવેશતા નથી પણ ઉપર જ રહે છે, ભિન્ન જ રહે છે. આવા ભિન્ન આત્માનું ભાન કરવું તે ધર્મની શરૂઆત છે. જેમ સૂત્ર વગરની સોય ખોવાઈ જાય છે તેમ સૂત્ર વડે જેણે શુદ્ધઆત્મા જાણ્યો નથી તે જીવ સંસારમાં ખોવાઈ જાય છે. પણ જેણે ભેદજ્ઞાન કરીને શ્રુતજ્ઞાનરૂપી સૂત્ર આત્મામાં પરોવી દીધું તે જીવ સંસારમાં ખોવાતો નથી, પણ અલ્પકાળમાં રાગ–દ્વેષનો નાશ કરીને મોક્ષ પામે છે. માટે આવા મનુષ્યપણામાં આત્માને ઓળખવો તે કર્તવ્ય છે.

વીતરાગ સર્વજ્ઞદેવ કહે છે કે જેવો ભગવાન હું છું તેવો જ ભગવાન તું છો; દરેક આત્મામાં ભગવાનપણું ભર્યું છે. સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થપણામાં હોય તે પણ આવા આત્માનું ભાન કરીને ભગવાન જેવા પોતાના આત્માને અનુભવે છે. આવો અનુભવ કરવાથી જ આત્મામાં મોક્ષમાર્ગ પ્રગટે છે.

**ગુરુદેવ એકવાર ચૈતન્યની ધૂનમાં જાણે કે આત્મિક વીણા વગાડતા હોય તેમ મધુર ગૂંજન કરતા હતા કે-**

**આનંદને અજવાળે રે........**

**આજ મને અંતરમાં ભેટયા ભગવાન..... !**

# -: વૈરાગ્ય સમાચાર:-

❁ રાજકોટમાં ભાઈશ્રી બ્ર. મૂળશંકર દેસાઈ તા. ૧૮–૨–૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા કેટલાક વખતથી તેઓ ગંભીર રીતે બિમાર હતા; ગંભીર બિમારીને કારણે તેમણે પૂ. શ્રી કાનજીસ્વામીને પત્ર લખીને રાજકોટ તેડાવ્યા હતા ને ગદગદભાવે મન–વચન–કાયાથી ક્ષમાપનાનો ભાવ વ્યક્ત કર્યો હતો. ત્યારપછી તા. ૬–૨–૭૦ ના રોજ ગુરુદેવ રાજકોટ પધાર્યા ત્યારે બીજી વખત પણ મૂળશંકરભાઈ પાસે ગયા હતા. રાજકોટ સંઘ પોતાને સમાધિમરણ માટે સાથ આપે એવી ભાવના મૂળશંકરભાઈએ વ્યક્ત કરી હતી, અને રાજકોટના સંઘે પ્રેમપૂર્વક તેમને પૂરો સાથ આપ્યો હતો. આ પ્રકારના વાત્સલ્યથી તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની ઉપાસના વડે તેઓ આત્મહિત પામો.

❁ મુંબઈમાં તા. ૨૫–૨–૭૦ ના રોજ લીંબડીવાળા હિંમતલાલ છોટાલાલ ડેલિવાળા સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા કેટલાક વખતથી તેમને કેન્સરનું દર્દ હોવા છતાં શાંતિથી ધાર્મિક વાંચન–શ્રવણ પણ કરતા હતા. સોનગઢ આવીને પણ અવારનવાર લાભ લેતા હતા. સુરેન્દ્રનગરના બ્ર. શારદાબેનના તેઓ બનેવી થાય વીતરાગી દેવ–ગુરુ–ધર્મની ઉપાસના વડે તેઓ આત્મહિત પામો.

❁ મોરબીવાળા ધારશીભાઈ જટાશંકરના પુત્ર નવીનચંદ્રના ધર્મપત્ની મહા સુદ છઠ્ઠના રોજ શિવ (મુંબઈ) મુકામે ૨૭ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે. અંતિમ સમય સુધી જિનેન્દ્ર ભગવાનનું સ્મરણ કરતાં કરતાં તેમણે દેહ છોડયો. ગુરુદેવ સાથે તેમણે તીર્થયાત્રા કરી હતી. વીતરાગી દેવ–ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

❁ વઢવાણવાળા જગજીવન લક્ષ્મીચંદના પુત્રી સવિતાબેન મહા સુદ ૮ નારોજ ૪૨ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે. છેવટ સુધી તેમણે દેવ–ગુરુનું સ્મરણ તથા શાસ્ત્રની સ્વાધ્યાયનું શ્રવણ કર્યું હતું. તેમનો આત્મા દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.

**જરૂર છે-**

સુશિક્ષિત જૈન, હિસાબીકામ તથા કોઠારકામ જાણનાર આસિસ્ટન્ટ ગૃહપતિની જરૂર છે. સંગીત તથા કસરત જાણનારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

તા. ૨૦–૪–૭૦ સુધીમાં પોતાના હસ્તાક્ષરમાં અરજી કરવી. અરજી સાથે સર્ટીફિકેટો બીડવાં.

લી.–

**મંત્રીઓ, શ્રી જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ (સૌરાષ્ટ્ર)**

# દશહજાર-મરાઠી
# જૈનબાળપોથી ભેટ

પૂ. શ્રી કાનજીસ્વામી અંતરીક્ષ-પાર્શ્વનાથ (શિરપુર) માં પંચકલ્યાણક પ્રતિષ્ઠા-મહોત્સવ નિમિત્તે પધાર્યા ત્યારે તેઓશ્રીના સુહસ્તે મરાઠી ભાષામાં જૈનબાળપોથીની દશહજાર પ્રતિ આબાલવૃદ્ધ સૌને ભેટરૂપ વહેંચવામાં આવી હતી. બ્ર. હરિલાલ જૈન દ્વારા લખાયેલી આ 'જૈનબાળપોથી' તે જૈનસમાજનું એક સર્વોપયોગી પુસ્તક છે, અને હવે પછીની આવૃત્તિ વખતે તેની પ્રતસંખ્યા એક લાખની મર્યાદા વટાવી જશે. બાળપોથી પછીના પુસ્તકોની શ્રેણી પણ તૈયાર થાય છે; અને તેમાંથી એક પુસ્તકની વીસ હજાર પ્રત છપાઈ રહી છે,-જે વૈશાખ સુદ બીજે પ્રગટ થશે મરાઠી બાળપોથીનું પ્રકાશન મુંબઈ મુમુક્ષુમંડળ તરફથી 'રત્નચિંતામણિ જયંતીમહોત્સવ' ગ્રંથમાળાના બીજા પુષ્પરૂપે થયું છે.-ધન્યવાદ!

# આત્મરસ-હરિરસ

મહા સુદ પુનમે પૂ. ગુરુદેવ જોરાવરનગરે પધાર્યા; સ્વાગત બાદ મંગલ-પ્રવચનમાં આત્માનો સાચો રસ બતાવતાં કહ્યું કે- આત્મામાં જ્ઞાન અને આનંદનો રસ ભર્યો છે, તેનું ભાન કરીને અનુભવ થાય તે સાચું મંગળ છે. હરિરસ એટલે આત્મરસ, એટલે કે અતીન્દ્રિય આનંદનો રસ, તેનો સ્વાદ આવે તે મંગળ છે. આત્મા પોતે અજ્ઞાન અને રાગ-દ્વેષને હરનારો હરિ છે. જગતના વિષયોનો રસ કે રાગનો રસ તે તો કડવા ઝેર જેવો છે. આત્માના જ્ઞાનસ્વભાવમાં જે આનંદરસ છે તેનો સ્વાદ લેતાં અરિહંતદશા પ્રગટે છે, તે મંગળ છે. આત્મા અતીન્દ્રિય આનંદરૂપ હરિરસથી ભરેલો છે; તેનો રસ પ્રગટ કરવો ને જગતનો રસ છોડવો, તે મંગળ છે, તે ધર્મ છે, તે મોક્ષનો માર્ગ છે.

# ગી.....ર.....ના.....ર

## વાહ ગીરનાર ધામ... વાહ આતમરામ....

| | |
|---|---|
| વૈરાગી થઈ જ્યાં વસ્યા નેમિરામ | વાહ ગીરનાર વાહ! વાહ આતમરામ! |
| ઊંચો ગીરનાર ઊંચો ઊંચો આતમરામ | વાહ ગીરનાર ધામ! વાહ આતમરામ! |
| આતમની ગૂફામાં વસે આનંદરામ | વાહ આતમરામ! વાહ આનંદધામ! |
| મુનિજનો જ્યાં સાધે આતમરામ | વાહ આનંદધામ! વાહ ગીરનારધામ! |
| ગુરુ ને સંતથી કેવું શોભે ધામ! | વાહ ગીરનારધામ! વાહ આતમરામ! |
| ધરસેન-પુષ્પ-ભૂત મુનિ આપે જ્ઞાન, | વાહ મુનિરાજ! વાહ શ્રુતજ્ઞાન! |
| મુક્તિનો માર્ગ જ્યાં ખોલ્યો નેમિનાથ, | વાહ ગીરનાર ધામ, વાહ આતમધામ! |
| પંચમ ટૂંક જ્યાં શોભે મુક્તિ ધામ, | વાહ ગીરનાર ધામ, વાહ મુક્તિધામ! |
| આવો આવો સૌ ધ્યાવો આતમરામ, | વાહ ધ્યાનધામ! વાહ આત્મરામ. |

(મહા સુદ ૧૨ પૂ. કહાનગુરુ સાથે
ગીરનાર તીર્થના દર્શન પ્રસંગેઃ બ્ર. હ. જૈન)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૨૭૦૦